# પ્રકરણ –2

# સંસ્કૃત ભાષાના પરિપ્રેક્ષ્યમાં....


2.1 પ્રસ્તાવના

2.2 ભાષાનું મહત્ત્વ

2.3 સંસ્કૃત ભાષાનું મહત્ત્વ

2.4 સંસ્કૃત શિક્ષણ અંગેની ઐતિહાસિક ભૂમિકા

2.5 સંસ્કૃત શિક્ષણ અને તત્ત્વજ્ઞાન

2.6 સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ

2.7 સંસ્કૃત ભાષામાં વ્યક્ત થતાં જીવન મૂલ્યો

2.8 સંસ્કૃત અને પર્યાવરણ જાળવણી

2.9 સંસ્કૃત ભાષાના મુખ્ય સારસ્વતો

2.10 સંસ્કૃત ભાષાનો અન્ય વિષયો ઉપર પ્રભાવ

2.11 સંસ્કૃતમાં નારી ગૌરવ

2.12 દક્ષિણ ગુજરાતનું સંસ્કૃત ક્ષેત્રે પ્રદાન

# પ્રકરણ –2
# સંસ્કૃત ભાષાના પરિપ્રેક્ષ્યમાં....

## 2.1 પ્રસ્તાવના

શિક્ષણક્ષેત્રમાં કામ કરતી કોઇપણ જાગ્રત અને સતર્ક વ્યકિતની નજરે એક વાત અવશ્ય ચડયા વિના રહેતી નથી અને તે એ કે વિદ્યાર્થીઓ અને સામાજિકોમાં પણ કેટલાંક વિષયોની રુચિ-અરુચિ બાબતમાં અવાર-નવાર ભરતી-ઓટ આવતી રહેતી હોય છે. કોઇક વિષય કયારેક અતિ આકર્ષણ જમાવી બેસે છે તો કયારેક તેનાં પાછાં પગલાં થાય છે. વિવિધ વિદ્યાશાખાઓ, તેનાં વિશિષ્ટ અભ્યાસક્રમો, વિષયો, તેના વિશેષ મુદ્દાઓ-બધામાં આ લક્ષણ કોઇને કોઇ રીતે દષ્ટિગોચર થાય છે.

હિન્દીને દેશની રાષ્ટ્રભાષા બનાવવા મહાત્મા ગાંધીજીએ વિચાર મૂક્યો તે સમયે ભારત ભરમાં હિન્દી પ્રચારની પ્રવૃત્તિ જોરશોરથી શરૂ થઇ. એ જ બાબતના અમલ માટે જયારે સ્વતંત્ર ભારતની લોકશાહી સરકારે આરંભ કર્યો ત્યારે દક્ષિણ ભારતના પ્રદેશોમાંથી તેના ઘણા ઘેરા અને અનિચ્છનીય પ્રત્યાઘાત પડ્યા. તેના પડઘારૂપે ઉત્તર ભારતના પ્રદેશોમાંથી અંગ્રેજી હટાવવાની પ્રવૃત્તિએ કદરૂપું સ્વરૂપ ધારણ કર્યું. આખરે એમાંથી જોરશોરથી રમખાણો શરૂ થયાં. અંગ્રેજી કાઢવાનો ઉત્સાહ ઘણા અગ્રણીઓએ ગુજરાતમાં અનુભવ્યો. આજે અંગ્રેજી માધ્યમની શાળાઓ ત્વરિત ગતિએ ખુલે છે એટલું જ નહિ, ઊંચી ફી હોવા છતાં, માત્ર તવંગર કુટુંબો જ નહિ, પણ પેટે પાટા બાંધીને બાળકોને અંગ્રેજી માધ્યમમાં મોકલનાર વાલીઓ પણ ઘણા. આવી જ રીતે તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત એક સમયમાં અત્યંત મોભાદાર વિષયો ગણાતા. આજે તત્ત્વજ્ઞાન વિષય લુપ્ત પ્રાયઃ થઇ ગયો છે. સંસ્કૃત વિષય દિનપ્રતિદિન એ તરફ ગતિ કરી રહ્યો હોય એમ લાગે છે.

## 2.2 ભાષાનું મહત્ત્વ

ભાષાનો પ્રયોગ માત્ર મનુષ્યો દ્વારા જ નહિ, અન્ય પ્રાણીઓ દ્વારા પણ થાય છે. પશુઓની પણ ભાષા હોય છે. ભોજનના સમયે એક ગાય આપણાં આંગણે આવીને પોતાની ભાષામાં આપણી પાસે ખાવાનું માગે છે. વનસ્પતિને પણ પોતાની ભાષા હોય છે. ઉનાળામાં વરસાદ ન આવે ત્યારે તે મુરઝાઇ જાય છે. 'પોતે દુઃખી છે' એવું તે નિર્દેશ કરે છે. વરસાદ વૃક્ષોની ભાષા સમજે છે અને જરૂરિયાતના સમયે તે વરસે છે અને છોડ અને વૃક્ષો લીલાછમ થઇ જાય છે. પોતાની ભાષામાં તેઓ કહે છે 'અમે પ્રસન્ન છીએ'.

આમ, પ્રકૃતિની વ્યવસ્થામાં ધ્વનિ કે નાદ કરવો એ દરેક પ્રાણી માત્રનો સ્વભાવ છે અને એક પ્રાણી બીજા પ્રાણીથી અલગ તરી આવે તે માટે તેઓના અવાજમાં પણ તફાવત જોવા મળે છે. મનુષ્ય જે ધ્વનિઓ ઉચ્ચારે છે તે કુદરતે આપેલી વિશિષ્ટ શક્તિની અનુપમ વ્યવસ્થા છે. તે માણસની પોતીકી વ્યવસ્થા છે. ટૂંકમાં કહીએ તો ધ્વનિનું સંજ્ઞારૂપ એટલે અક્ષર અને અમૂર્ત ભાવોને મૂર્ત સ્વરૂપમાં રજૂ કરવા એટલે ભાષા. સંસ્કૃતના 'भाष्' (બોલવું) ધાતુ ઉપરથી ભાષા શબ્દ બન્યો છે જેનો સામાન્ય અર્થ થાય છે 'જે બોલાય તે ભાષા' ભાષાનું મહત્ત્વ આ પ્રકારે બતાવી શકાય છે :

- ભાષા એ વિચારો, ભાવો, કલ્પનાઓ અને અનુભવોને યોગ્ય રીતે વ્યક્ત કરવા, સંસ્કૃતિ અને સભ્યતાને જાણવા અને પ્રસારવા, જ્ઞાન મેળવવા તેમજ જ્ઞાનનો પ્રસાર કરવા, જ્ઞાનનો સંગ્રહ કરવા અને શિક્ષણ આપવા માટેનું મહત્ત્વનું ઉપકરણ છે.
- વિજ્ઞાન, અર્થતંત્ર, રાજતંત્ર, ઉદ્યોગ, સાહિત્ય, કેળવણી વગેરે બધાં અંગોનો વિકાસ ભાષા પર નિર્ભર છે.
- ભાષા માનવવ્યહારનું અને સાંસ્કૃતિક વિકાસનું અતિ મૂલ્યવાન સાધન છે.
- માણસની બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક પ્રગતિમાં ભાષાનો ફાળો મોટો છે.
- ભાષા એ વ્યક્તિ તેમજ સમાજના અસ્તિત્વ અને અસ્મિતાનો અવિભાજ્ય ભાગ છે.
- ભાષા એ સંસ્કૃતિના ઉદ્‌ભવ અને વિકાસનું મૂળ કારણ છે.
- ભાષા દ્વારા જ વ્યક્તિ અને સમાજ પોતાની ઇચ્છાઓ, એષણાઓ અને અભિચેષ્ટાઓ વ્યક્ત કરે છે.
- માનવ સંબંધોનો વિકાસ કરવામાં ભાષાનું યોગદાન અતિમૂલ્યવાન છે.
- ભાષા દ્વારા સાહિત્યના વાંચનથી પ્રેમભાવ અને સૌંદર્યની ભાવના વિકસે છે.
- ભાષા મનુષ્યને સમાજ, રાષ્ટ્ર અને વિશ્વની સાથે સાંકળવામાં સહાયક સિદ્ધ થાય છે.
- સામાજિક અને વૈયક્તિક વિકાસ માટે ભાષા પ્રભુત્વ અનિવાર્ય છે.
- જ્ઞાનપ્રાપ્તિ, જ્ઞાન સંશોધન, જ્ઞાન સંવર્ધનમાં ભાષા જ ઉપયોગી છે.
- ભાષા દ્વારા માનવના માનસિક વિકાસના સ્વરૂપે ચિંતન, મનન, તર્ક, કલ્પનાનો વિકાસ થાય છે.
- મન, આત્મા, જગત તથા સૃષ્ટિ પ્રપંચને સમજવાનું સુલભ સાધન ભાષા છે.
- ભાષાનું પૂર્ણજ્ઞાન મનુષ્યને અંધવિશ્વાસ અને પૂર્વગ્રહથી બચાવી શકે છે.

આમ, ભાષા એ માનવ વ્યવહારનું એક ઉત્તમ અને અવિભાજ્ય અંગ છે. માનવ જીવન માટે ભાષા દૈવી વરદાન છે. ભાષા જ માનવ વ્યવહારની આધારભૂમિ છે. ભાષાના ઉપયોગથી જ માનવે જગતના જીવોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે. એક ભાષા વિજ્ઞાનીના મત મુજબ, માનવજાતિએ ભાષાનો ઉપયોગ કરવો શરૂ કર્યો ત્યારથી જ તે માનવ બનવા મંડી, તે પહેલાં નહીં. આથી કહી શકાય કે ભાષા વિનાનો માનવ પાંગળો છે. ભાષા જ માનવ જીવનના વિકાસનો પાયો છે.

## 2.3 સંસ્કૃત ભાષાનું મહત્ત્વ

સંસ્કૃત ભાષા બધી ભાષા અને વિષયોની જનની છે. માત્ર એક પ્રશિષ્ટ ભાષા કરતા સંસ્કૃત ભાષા વિશેષ છે. સંસ્કૃત ભાષાના અધ્યયનથી ચારિત્ર્યવાન અને નીતિમાન નાગરિકનું ઘડતર થાય છે. ભારતીય સંસ્કૃતિનું સમ્યક્ દર્શન કરાવનાર અને માનવ હ્રદયના અતિપ્રાચીન ઉદ્ગારના અવશેષ એટલે સંસ્કૃત ભાષા. સંસ્કૃત ભાષાનું મહત્ત્વ અનેક દષ્ટિએ વિચારી શકાય.

### ❋ સભ્યતા અને સંસ્કૃતિની દષ્ટિએ

સંસ્કૃતિ શબ્દ એટલો બધો વ્યાપક છે કે તેમાં પ્રજાના ભૂતકાલીન અને વર્તમાનના તમામ વિચારો, વર્તનો અને વ્યવસ્થાનો એક સાથે સમાવેશ થઇ જાય છે. સંસ્કૃત સાહિત્ય આ તમામ બાબતોમાં પોતાની રીતે વિશિષ્ટ છે. વેદકાળથી માંડીને આજ પર્યંત સંસ્કૃતિના પીયૂષ સંસ્કૃતે પ્રગટાવ્યાં છે અને પ્રજાને પાયા પણ છે. સંસ્કૃત હિંદુ, બૌદ્ધ અને જૈન એમ ત્રિવિધ ધર્મની ભાષા છે. લલિત સાહિત્યનો વિપુલ રાશિ તેમાં સંગૃહીત છે. કાવ્યો, નાટકો, ગદ્યગ્રંથો, ચંપૂગ્રંથો, પુરાણો અને રામાયણ, મહાભારત જેવા ચિરંજીવ ગ્રંથો તેમાં રચાયેલા છે. કલા વિષેના શાસ્ત્રગ્રંથો પણ ઘણા રચાયા છે. ઉપનિષદ્, તત્ત્વજ્ઞાનના સૂત્રગ્રંથો અને ભાષ્યોનું સમાંતર સાહિત્ય પૃથ્વીના કોઇ ખૂણ મળી શકે એમ નથી. ધર્મનું નિરૂપણ પુરાણો, સ્મૃતિગ્રંથો, સૂત્રગ્રંથો અને નિબંધ ગ્રંથોમાં થયેલું છે. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્ર વિષયક નીતિગ્રંથો રચાયેલા છે. કેટલાંક વ્યવસાય અંગે પણ શાસ્ત્રો રચાયા છે. સર્પવિદ્યા, અશ્વવિદ્યા, ગજવિદ્યા, ધનુર્વિદ્યા, વાસ્તુશાસ્ત્ર, આયુર્વેદ વગેરે ઉલ્લેખનીય છે. સંસ્કૃત સુભાષિતોમાં વ્યકત થતું દુન્યવી ડહાપણ વિશ્વના કોઇપણ સ્થળે કોઇપણ કાળે અનુકરણીય બની રહે તેવું છે. ભારતમાં સંસ્કૃતના મહત્ત્વ વિષે ભારતના સદ્ગત વડાપ્રધાનશ્રી જવાહરલાલ

નેહરુએ કહ્યું હતું કે **"જો મને પૂછવામાં આવે કે ભારતની સૌથી મહાન મૂંડી કઇ અને તેનો સૌથી સુંદર વારસો કયો તો જરાય ખચકાટ વગર હું કહું કે સંસ્કૃત ભાષા અને સંસ્કૃત સાહિત્ય તથા તેમાં જે કંઇ છે તે બધું આ ભવ્ય વારસો છે અને તે જ્યાં સુધી આપણી પ્રજામાં ટકશે અને અસરકારક બની રહેશે ત્યાં સુધી ભારતની મૂળભૂત પ્રતિભા અસ્ખલિત રહેશે"**[1]

❋ **ધર્મ અને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ**

સંસ્કૃત હિંદુ, બૌદ્ધ અને જૈન એ ત્રિવિધ ધર્મોની ભાષા છે. ધર્મના સિદ્ધાંતો, વિધિનિષેધો, કર્મકાંડ, માન્યતા અને આચાર વિચારનું સર્વાંગી નિરૂપણ તેમાં થયેલું છે. માત્ર ભારતના જ નહિ પરંતુ યુરોપના ઇતિહાસનો પણ એ અનુભવ છે કે જ્યારે પ્રજાના ધર્મની ભાષા અને વ્યવહારની ભાષા વચ્ચે અંતર પડી જાય ત્યારે અજ્ઞાન, વહેમ, પાખંડ, અનાચાર ધાર્મિક ક્રિયાકાંડ અને અન્યાય વધી પડે છે. સ્વધર્મના સમ્યક્ જ્ઞાન માટે સંસ્કૃતનો અભ્યાસ અનિવાર્ય છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે **"દરેક કેળવાયેલા હિન્દીને સ્વભાષા, હિન્દુને સંસ્કૃત, મુસલમાનને અરબી, પારસીને પર્શિયનનું અને બધાને હિન્દીનું જ્ઞાન હોવું જોઇએ"**[2] જૈન અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓ માટે અર્ધમાગધી, પાલી અને સંસ્કૃતનો ઉમેરો કરી શકાય. વેદ, બ્રાહ્મણો, પુરાણો અને સ્મૃતિગ્રંથોના અધ્યયનથી જ હિંદુ પોતાનો ધર્મ યોગ્ય રીતે સમજી શકે.

સંસ્કૃત માત્ર ધર્મની નહિ તત્ત્વજ્ઞાનની ભાષા પણ છે. ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા ઉપરાંત જૈનદર્શન, બૌદ્ધ દર્શન, ચાર્વાક દર્શન વગેરે તત્ત્વજ્ઞાનની અનેક શાખાઓના ગ્રંથો તેમાં રચાયેલા છે. વેદાંત દર્શનોમાં ઉપનિષદ્ગ્રંથો, ભવગદ્ગીતા, અદ્વૈતવાદ, શુદ્ધાદ્વૈત અને દ્વૈતાદ્વૈતવાદ ઉલ્લેખનીય છે. બ્રહ્મસૂત્રો ઉપરના શાંકરભાષ્ય, શ્રી ભાષ્ય અને અણુભાષ્ય ખૂબ જ ઉચ્ચ કોટિના ગ્રંથો છે. ભારત, ભારતીય સંસ્કૃતિ અને ભારતની પ્રજાને સમજવા માટે આવા ગ્રંથોનું અધ્યયન ખૂબ જ જરૂરી છે.

❋ **ભારતના ઇતિહાસનાં માહિતી સ્થાન તરીકે**

રમણલાલ ધારૈયા નિર્દેશ કરે છે કે **"સંસ્કૃત વેદો, બ્રાહ્મણ સાહિત્ય, ઉપનિષદ્, સૂત્ર સાહિત્ય, અર્થશાસ્ત્ર, સ્મૃતિ સાહિત્ય, રામાયણ, મહાભારત, લલિત સાહિત્ય, પુરાણ વગેરે ભારતના ઇતિહાસની સામગ્રીના મહત્ત્વનાં સાધનો છે"**[3], સંસ્કૃત સાહિત્યની વિશેષતા તો એ છે કે **"માત્ર ભારતના જ નહિ પરંતુ ઇન્ડો**

**યુરોપિયન સંસ્કૃતિ અને ઇતિહાસનાં પાનાં પણ સંસ્કૃત સાહિત્યના પરિચયથી પશ્ચિમના તજજ્ઞોએ ખોલ્યાં છે. ભારતમાં લુપ્ત થયેલું બૌદ્ધ સંસ્કૃત સાહિત્ય ચીન અને તિબેટમાં સચવાયું છે. અગ્નિ એશિયામાં ભારતીય સંસ્કૃતિનો ફેલાવો સંસ્કૃત દ્વારા થયો. મંદિરો, શિલ્પો, રામાયણ અને મહાભારત શૈલીનાં નૃત્યો, ભાષા, સાહિત્ય અને ધર્મની બાબતમાં વિયેટનામ, થાઈલેન્ડ, ઇન્ડોનેશિયા, બર્મા, કોમ્બોડિયા, લાઓસ અને શ્રીલંકામાં સંસ્કૃતની વ્યાપક અસર દષ્ટિગોચર થાય છે"**[4], સંસ્કૃત આયોગ નોંધે છે કે **"ઉત્પત્તિ અને મૂળ સ્વરૂપની દષ્ટિએ સંસ્કૃત આપણને પશ્ચિમ સાથે સાંકળે છે, અને ફેલાવાની દષ્ટિએ મધ્ય એશિયા, ઉત્તર, પૂર્વ અને દક્ષિણ સાથે સંબંધિત છે"**[5].

### ❋ રાજકીય જાગૃતિ અને રાષ્ટ્રીય એકતાના સંદર્ભે

જાણીતા ફ્રેન્ચ નવલકથાકાર Alphose Daudet તેમની એક ટૂંકી વાર્તા 'The last lesson' માં એક સુંદર વિધાન કરે છે. **"જ્યાં સુધી પ્રજા તેની ભાષાને વળગી રહે ત્યાં સુધી, માનો કે ગુલામીની કેદમાંથી છૂટવાની ચાવી તેના હાથમાં છે"**[6]. ગુલામ પ્રજાની પાસેથી તેની ભાષા ખૂંચવી લેવાનું કામ મુસ્લિમ અને બ્રિટિશ રાજ્યકર્તાઓએ કર્યું હતું. પરંતુ સંસ્કૃતના પુનઃ પરિચયથી ભારતીય પ્રજાની સ્વાતંત્ર્ય ભૂખ ઊઘડી. 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક્ક છે' નો નારો લગાવનારા લોકમાન્ય તિલક સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા.

રાષ્ટ્રીય એકતા સંદર્ભે પણ સંસ્કૃતનું સ્થાન ઊંચું છે. વર્ષો સુધી સંસ્કૃત દેશને એક તાંતણે બાંધી રાખનાર તત્ત્વ હતું. બારમા શતકમાં શ્રીહર્ષે नैषधीयचरितम् માં (દસમાં સર્ગના 34 માં શ્લોકમાં) જુદા-જુદા પ્રદેશોમાંથી આવેલા રાજાઓ પરસ્પરની ભાષાને ન જાણવાને કારણે સંસ્કૃતમાં વાત કરતા હોવાનું વર્ણન કર્યું છે. ભાષાઓની વચ્ચે પૂરી ભિન્નતા હોવા છતાં ઘનિષ્ઠ સંબંધને સ્પષ્ટ કરતાં સત્તાવાર ભાષા પંચ ગ્રીઅરસનના શબ્દોમાં નોંધે છે કે **"જો કે આસામી કરતાં મરાઠી ભિન્ન છે અને એક ભાષા બોલનારો બીજી ભાષા બોલનારને સમજી ન શકે તે છતાં પણ કોઈપણ વ્યક્તિ એકમાંથી બીજી ભાષા ક્યાં બદલાઈ તે એક પણ તબક્કે જાણ્યા વિના દીબ્રુગઢથી મુંબઇ સુધીના અઠાવીસસો માઇલ ચાલતો કાપી નાંખી શકે છે."**[7] આવી ભાષાને જાકારો આપવામાં અપાર રાજકીય અને રાષ્ટ્રીય જોખમ છે.

✳ **સંક્રમણ મૂલ્યની દૃષ્ટિએ : ભાષા, વિષયો તેમજ જીવન વ્યવહારમાં**

એક ભાષા કે વિષયના શિક્ષણનો લાભ અન્ય ભાષા કે વિષયમાં મળે તે શિક્ષણ સંક્રમણ કહેવાય છે. તદ્નુસાર સંસ્કૃતનું સંક્રમણ મૂલ્ય ઘણું ઊંચું છે. સંસ્કૃતનું શિક્ષણ અન્ય ભાષા કે વિષયના અધ્યયનમાં ખૂબ મદદરૂપ બને છે. ભાષા વચ્ચેના આંતર સંબંધ અને સંસ્કૃત વ્યાકરણની ચોકસાઇ એમાં કાણભૂત છે. ચિંતન અને તર્કની એક વ્યવસ્થિત ટેવનો વિકાસ સંસ્કૃતના અભ્યાસથી સારા પ્રમાણમાં શકય બને છે. આ ટેવ અન્ય વિષયોના અભ્યાસમાં તેમજ જીવન વ્યવહારમાં ખૂબ ઉપયોગી નીવડે છે. સંસ્કૃત અને અન્ય ભાષાઓ, સંસ્કૃત અને ગણિત કે વિજ્ઞાન જેવા ભૌતિક વિષયો, સમાજવિદ્યા જેવાં સામાજિક શાસ્ત્રો સાથેનો સહસબંધાંક ઘણો ઊંચો આવવા સંભવ છે.

✳ **વિશ્વોપાસના, વિશ્વશાંતિ તથા વૈશ્વિક રસની દૃષ્ટિએ**

**"સંસ્કૃત સાહિત્ય અને શાસ્ત્ર કોઇ એક પ્રજા, પ્રદેશ, ભાષા કે ધર્મના કલ્યાણના ઉદ્‌ઘોષક નથી. સમગ્ર વિશ્વના અંતિમ કલ્યાણ સુધી તેની દૃષ્ટિવિસ્તરી છે. તે સમગ્ર વિશ્વને એક કુટુંબ તરીકે સ્વીકારે છે. સંસ્કૃતમાં સમગ્ર વિશ્વની ઉપાસના થયેલી છે. વ્યક્તિ અને સમાજ બંનેના હિત જાળવવાના માર્ગો વિચારાયા છે. સંસ્કૃત સાહિત્ય અને શાસ્ત્રના સમ્યક્ અનુકરણથી વિશ્વશાંતિની દિશામાં પણ ઘણું મહત્ત્વનું કાર્ય થઇ શકે એમ છે. વેદાંત, યોગ અને વિશાળ સાહિત્ય તેમાં ઉપયોગી થઇ પડશે."**[8]

મહાન વિરોધાભાસ તો એ છે કે વિશ્વના મોટા ભાગમાં સંસ્કૃત પ્રત્યેનો રસ વધતો જાય છે. ભારતમાં સંસ્કૃત પ્રત્યેની રુચિ અને વલણ ઘટતાં હોવાનું જણાય છે. **"સને 1972 માં દિલ્હીમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય સંસ્કૃત પરિષદમાં અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, કેનેડા, શ્રીલંકા, ઝેકોસ્લોવેકિયા, ડેન્માર્ક, ફ્રાન્સ, જર્મની, ઇન્ડોનેશિયા, ઇરાન, ઇટાલી, જાપાન, લાઓસ, મલેશિયા, નેપાળ, નેધરલેન્ડ, નોર્વે, ફિલિપાઇન્સ, રૂમાનિયા, સ્પેન, સ્વીડન, સ્વીટઝરલેન્ડ, થાઇલેન્ડ, અમેરિકા, રશિયા, અને યુગોસ્લાવિયાના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો."**[9] જર્મની સંસ્કૃતના અભ્યાસનું અતિ મહત્ત્વનું કેન્દ્ર ગણાય છે. બ્રિટન અને યુરોપના ગ્રંથાલયોમાં સંસ્કૃતગ્રંથોની અનેક હસ્તપ્રતો સચવાયેલ છે. અમેરિકામાં પણ હાલ સંસ્કૃત દર્શનગ્રંથો અને યોગનો ભારે નાદ લાગ્યો છે. પશ્ચિમની ઘણી યુનિવર્સિટીઓમાં તો 'સંસ્કૃત ચેર' ની સ્થાપના થઇ છે. આ સંદર્ભે ભારતમાં તેની ઉપેક્ષા થાય એ ખૂબ જ શોચનીય બાબત બની રહે છે.

### ❋ શિક્ષણની જવાબદારીની દૃષ્ટિએ

વર્તમાન સમયમાં વિદ્યાર્થીને વ્યાવસાયિક ક્ષમતા આપવી એજ માત્ર શિક્ષિણની જવાબદારી નથી. શિક્ષણને શીરે સારા ચારિત્ર્યવાન નાગરિકોના ઘડતરની જવાબદારીની સાથે રાષ્ટ્રીય ઐકયને પોષક વાતાવરણ સર્જવાની જવાબદારી પણ છે. એટલુ જ નહિ જે જે જ્ઞાનની શાખાઓ છે તેના સંક્રમણ, સંસ્થાપન, સંરક્ષણ અને સંવર્ધનની જવાબદારી પણ શિક્ષણની છે. સંસ્કૃતનું જ્ઞાન જ શિક્ષણની આ જવાબદારીઓ પૂર્ણ કરવામાં સહાયક બને છે. સંસ્કૃતનું જ્ઞાન લુપ્ત થઇ જાય તો તે શિક્ષણને શીરે નિષ્ફળતાના કલંક તરીકે લેખાશે. શિક્ષણનું તત્ત્વજ્ઞાન ગમે તે હોય પરંતુ આ જવાબદારીને તે કોઇપણ રીતે ઉવેખી શકે નહિ. ડૉ. રાધાકૃષ્ણને કહ્યું છે કે **"બાળક જે શીખવા માંગે છે તે શીખવવું એટલું જ શિક્ષણનું ધ્યેય નથી પણ આપણે જે શીખવીએ તેને તે શીખવા માંગે એ પણ છે."**[10]

### ❋ ઉપયોગિતા મૂલ્ય અને આધુનિક જીવનમાં તેના સ્થાનની દૃષ્ટિએ

સંસ્કૃતભાષા 'રોજીરોટી' ની ભાષા બની શકતી ન હોવાથી તેનું મૂલ્ય ઓછું અંકાય છે. પરંતુ સંસ્કૃત આયોગ નિર્દેશ કરે છે કે **"અહીં ઉપયોગિતાવાદી દૃષ્ટિબિંદુ આખરી શબ્દ બની ન શકે."**[11] માનવજીવનમાં સંસ્કાર અને સંસ્કૃતિનું મૂલ્ય ઘણું ઊંચું છે. સંસ્કૃતભાષાનો એ બાબતમાં મહાન ફાળો છે. વળી, માધ્યમિક કક્ષાએ સંસ્કૃત શીખવવાનો નિર્ણય લેવામાં 'રોજીરોટી' નો વિચાર નિરર્થક છે. સમાજવિદ્યા, વિજ્ઞાન, ગણિત વગેરે વિષયો માધ્યમિક કક્ષાએ 'રોજીરોટી' માટે શીખવવામાં આવતા નથી. અને ઉચ્ચક્ષેત્રે બધાને જ સંસ્કૃત સાથે સ્નાતક કરવાનું કોઇએ સૂચવ્યું નથી. પ્રશ્ન એ છે કે સંસ્કાર તથા ચારિત્ર્યના ઘડતરમાં સંસ્કૃતભાષા મદદરૂપ થાય છે કે નહિ, સંશોધક, ભાષાંતરકાર, વહીવટી અધિકારીઓ, વિદેશમાં પ્રતિનિધિત્વ કરનાર, સાંસ્કૃતિક અધિકારી વગેરે તકો સંસ્કૃત સ્નાતક અને તજજ્ઞોને પ્રાપ્ત થઇ શકે છે. આમ, ઉપયોગિતાની દૃષ્ટિએ સંસ્કૃતનો દાવો સિદ્ધ થઇ ચૂકેલ છે. સંસ્કાર અને ચારિત્ર્યયુકત નાગરિકના ઘડતરમાં સંસ્કૃતનું શિક્ષણ અનિવાર્ય છે.

આધુનિક જીવનમાં પણ સંસ્કૃતનું સ્થાન મહત્ત્વનું છે. સંસ્કૃત જનસમાજના રોજબરોજનાં જીવનમાં તાણાં-વાણાંની જેમ ગૂંથાયેલું છે. સરકારી-બિનસરકારી અનેક સંસ્થાઓના સૂત્ર સ્વરૂપે સંસ્કૃત ઉકિત સ્થાન પામી છે, જે આ સ્થિતિનો સબળ પુરાવો છે. જેમાંની કેટલીક ઉકિતઓ આ પ્રમાણે છે :

| | | | | |
|---|---|---|---|---|
| રાષ્ટ્ર સૂત્ર | -: | 'सत्यमेव जयते ।' | : | સત્યનો જ જય થાય છે. |
| રાષ્ટ્ર મંત્ર | -: | 'वंदे मातरम् ।' | : | મા (ભોમ)ને વંદન |
| વિમા નિગમ | -: | 'योगक्षेमं वहाम्यहम् ।' | : | યોગ અને ક્ષમનું હું વહન કરું છું. |
| વાયુ સેના | -: | 'नभः स्पृशं दीप्तम् ।' | : | તેજસ્વી આકાશને સ્પર્શ. |
| તાર-ટપાલખાતું | -: | 'अहर्निश सेवामहे ।' | : | અમે સતત સેવા કરીએ છીએ. |
| વિશ્વ સંસ્કૃત સંમેલન | -: | 'वसुधैव कुटुम्बकम् ।' | : | વિશ્વ જ કુટુંબ છે. |
| દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી | -: | 'सत्यम् ज्ञानम् अनन्तम् ।' | : | જ્ઞાન સત્ય અને અનંત છે. |
| ગુજરાત યુનિવર્સિટી | -: | 'योगः कर्मसु कौशलम् ।' | : | કર્મમાં કુશળતા તે યોગ છે. |

## 2.4 સંસ્કૃત શિક્ષણ અંગેની ઐતિહાસિક ભૂમિકા

સંસ્કૃત સર્વ ભાષાની જનની છે. માનવ- ઉત્ક્રાંતિકાળથી ભારતમાં તેનો પ્રયોગ થતો આવ્યો છે. સંસ્કૃત શિક્ષણનો ઇતિહાસ અતિ પ્રાચીન હોઇ સંશોધકે કાળની દષ્ટિએ એના ભાષા શિક્ષણના ઇતિહાસને બતાવવાનો ઉપક્રમ રાખ્યો છે. જગતની કોઇપણ ઘટના ઇતિહાસના બનાવથી અલિપ્ત રહી નથી. સંસ્કૃત શિક્ષણ વર્તમાન સમસ્યાની ઐતિહાસિક ભૂમિકા બાંધે છે. સંસ્કૃત શિક્ષણ વિકાસના વિભિન્ન યુગોની ચર્ચા અત્રે પ્રસ્તુત છે.

### ❋ પ્રાચીનયુગ

સંસ્કૃત શિક્ષણના મૂળ આર્યસંસ્કૃતિ જેટલાં જ ઊંડા જણાય છે. સપ્તસિંધુના પ્રદેશમાં સ્થિર થવાની સાથે આર્યોએ સંસ્કૃત શિક્ષણ પ્રથાને વિકસાવી જ્ઞાનના વારસાનું સંવર્ધન કર્યું. પ્રાચીનકાળથી સંસ્કૃતભાષાનું શિક્ષણ બ્રાહ્મણ વિદ્યાર્થીઓને આશ્રમમાં અપાતું શિક્ષણમાં રાજય હસ્તક્ષેપ કરતું નહિ. લાટ, ભૃગુકચ્છ, આનર્તપુર, દ્વારિકા, પ્રભાસપાટણ જેવા તીર્થધામોમાં વેદ, વેદાંગ, પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર જેવા વિષયોનું શિક્ષણ સંસ્કૃતમાં અપાતું સંસ્કૃત આયોગ નોંધે છે કે, પ્રાચીન ભારતમાં રાજય વિદ્યાકેન્દ્રોને મુક્ત રીતે પોષતું પરંતુ કોઇપણ જાતની દખલગીરી કે નિયંત્રણ વિના તેને પોતાની રીતે વિકાસ સાધવા દેતું. વેદકાળ પછીના સમયમાં જૈન

મંદિરો, બૌદ્ધ મઠો વિદ્યામંદિરના કેન્દ્રો હોવાના ઉલ્લેખો જોવા મળે છે. તક્ષશિલા અને નાલંદા જેવા વિદ્યાપીઠોમાં વેદ, વૈદક, શસ્ત્રક્રિયા, ખગોળ, જ્યોતિષશાસ્ત્ર, કૃષિ અને વાણિજ્ય તેમજ સર્પવિદ્યા સહિતની અઢાર કળાઓનું શિક્ષણ સંસ્કૃતભાષામાં અપાતું.

❋ **રાજપૂત યુગ**

આ યુગમાં રાજપૂત રાજાઓએ સંસ્કૃતમાં શિક્ષણ આપવાની પરંપરા જાળવી રાખી. પાટણ, કર્ણાવતી, સોમનાથ, ખંભાત, મોઢેરા, ધોળકા અને ભરૂચ જેવા સ્થળોમાં સંસ્કૃત વ્યાકરણ, વેદ, કલ્પસૂત્ર અને ધર્મનું શિક્ષણ અપાતું. ઇ.સ. 1297 માં મુસલમાનોએ રાજપૂતોને હરાવ્યા અને ગુલામવંશનું શાસન આવતાં રાજપૂતયુગનો ગુજરાતમાંથી અંત આવ્યો.

❋ **મુસ્લિમ અને મરાઠાયુગ**

મુસ્લિમોએ સંસ્કૃત સાહિત્ય અને શિક્ષણને અવગણ્યું પણ દક્ષિણ ભારતના પ્રદેશોમાં તેનું સંરક્ષણ થયું. ભાષાપંચની નોંધ પ્રમાણે કેટલાક ધર્મસહિષ્ણુ અને વિદ્યાપ્રેમી મુસ્લિમ રાજાઓએ સંસ્કૃતભાષાને ઉત્તેજન આપી સંસ્કૃતગ્રંથોનું ભાષાંતર પણ કરાવ્યું હતું. જ્યારે, મરાઠાયુગમાં સંસ્કૃતના પંડિતોને માન અપાતું અને તેમના નિભાવ માટે રાજયની તિજોરીમાંથી ધન પણ વપરાતું.

❋ **પ્રાદેશિક ભાષાઓના આવિર્ભાવનો યુગ**

મુદ્રણકળાની શોધ નહતી થઇ ત્યારે સ્થળ કાળનાં ભેદને લીધે ભાષામાં જબરું પરિવર્તન આવતું. બહારથી આવતી પ્રજાની ભાષા અને બોલી અહીંની ભાષામાં ભળી જતી અને પરિવર્તન પામતી ભાષાનો આવિર્ભાવ થતો. મરાઠીમાં જ્ઞાનેશ્વર, અવધિ અને વ્રજભાષામાં તુલસીદાસ અને સુરદાસ, પંજાબીમાં ગુરુનાનક, ગુજરાતીમાં નરસિંહ મહેતા વગેરેની ભાષાને પરિણામે સંસ્કૃતભાષા અને લોકબોલી વચ્ચે અંતર વધ્યું. ધર્મનાં પુસ્તકો સંસ્કૃતમાં લખાયેલાં હતાં તે લોકો સમજી શકતા ન હતા. હવે સંસ્કૃત બોલચાલની ભાષા રહી ન હતી. બ્રાહ્મણોએ પરિસ્થિતિનો લાભ ઉઠાવી સંસ્કૃતભાષા કોઇ ગોપનીય વિદ્યા હોય તેવો દંભ કર્યો. પ્રાદેશિક ભાષાનો વિકાસ થતા સંસ્કૃતના અભ્યાસની અવનતિ થવા લાગી, કર્મકાંડ પુરતું સંસ્કૃત હોય તેવું ભાસવા માંડયું છતાં સંસ્કૃત પ્રેમીઓ દ્વારા સાહિત્યનું સર્જન ચાલું જ રહ્યું. પાઠયપુસ્તકોમાં સારસ્વત વ્યાકરણ મુખ્ય ગણાતું. પાઠશાળાઓમાં હિન્દુઓને સંસ્કૃત શિક્ષણ અપાતું અને મદરેસામાં મુસ્લિમોને ફારસીનું શિક્ષણ અપાતું.

## ❋ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો રાજ્યામલ

ઇ.સ. 1699 માં ઇંગ્લેન્ડની એક વેપારી પેઢી ઇસ્ટ ઇન્ડિયા કંપની ભારતમાં વેપાર અર્થે આવી. પ્લાસીના યુદ્ધમાં સિરાજ ઉદ્દૌલાને હરાવી અંગ્રેજી શાસનનો પાયો નાંખ્યો સત્તાના પ્રસારથી શિક્ષણની નીતિ પણ બદલાઇ 1813 ના ચાર્ટર એક્ટથી કેળવણીના પગરણ મંડાયા શિક્ષણ માટે ફળવાયેલા એક લાખ રૂપિયા વિલિયમ બેન્ટિકે અંગ્રેજી ભાષાના જ્ઞાન- વિજ્ઞાન પાછળ ખર્ચવાની હિમાયત કરી. સંસ્કૃત અને અરેબિકને પ્રોત્સાહન આપવા કોઇજ પ્રયત્નો ન થયા. મેકોલેની નીતિ અંગ્રેજીને ઉત્તેજન આપનારી હતી. આ દરમ્યાનમાં ભારતીય ન્યાયતંત્રમાં હિન્દુ અને મુસ્લિમોના કાયદાઓની જાણકારી ધરાવતાં અધિકારીઓની જરૂર ઊભી થતાં ઇ.સ. 1791 માં બનારસ સંસ્કૃત કોલેજની સ્થાપના થઇ. આમ, રાજકીય કારણોસર પ્રશિષ્ટ ભારતીય ભાષાઓના અભ્યાસને બળ મળ્યું. ત્યારપછી તો યુરોપિયનોને પણ સંસ્કૃતનું આકર્ષણ થયું. સંસ્કૃતના અનેકગ્રથોનો તરજૂમો કરાવી અભ્યાસ કરવા માંડયો. સંસ્કૃત શિક્ષણના અભ્યાસનું મહત્ત્વ સમજાતું ગયું તેમ- તેમ સંસ્કૃતનો અમર વારસો ઉઘડયો. આ જોઇ પશ્ચિમી જ્ઞાન જગત ચકિત થઇ ગયું. વૂડના ખરીતાએ શિક્ષણમાં સંસ્કૃત, ફારસી અને અરેબિકને સ્થાન આપતાં આધુનિક શિક્ષણ વ્યવસ્થાનો પાયો નંખાયો.

વૂડના ખરીતામાં સંસ્કૃતના અભ્યાસનું મહત્ત્વ સ્વીકારાતાં યુનિવર્સિટીઓનું સંસ્કૃત પ્રત્યેનું વલણ સાનુકૂળ થયું. આમ, આધુનિક કેળવણીમાં કેટલાક વિસ્તારમાં સંસ્કૃત ફરજિયાત હતું. જયારે કેટલાક વિસ્તારમાં માતૃભાષાના વૈકલ્પિક વિષય તરીકે સંસ્કૃતને સ્થાન અપાતું હતું.

## ❋ બ્રિટિશ શાસનકાળના ઉતરાર્ધથી ભારતની સ્વતંત્રતા દરમ્યાન સંસ્કૃત શિક્ષણ

ઇ.સ. 1857 ના વિપ્લવની નિષ્ફળતા પછી નવી અંગ્રેજી કેળવણીથી ભારતીયોમાં રાજકીય સભાનતાની સાથોસાથ સંસ્કૃતના અભ્યાસની આવશ્યકતા જન્મી. આ સમય દરમિયાન ગુલામ બનેલા ભારતને લગભગ એટલુંજ ભાસતું કે આપણે બધું જ જ્ઞાન પશ્ચિમ પાસેથી ઊછીનું લેવાનું છે ત્યાં જ ભારતીયોને સંસ્કૃતના અધ્યયનથી સમજાયું કે તેમની પાસે પણ પશ્ચિમને આપવા જેવું ઘણું છે. અને તે પશ્ચિમના તમામ ભૌતિકજ્ઞાનથી ઘણું ચડિયાતું છે. ગુલામ દેશને સંસ્કૃતમાં જ પોતાનો એકમાત્ર અવશિષ્ટ વૈભવ દેખાયો. અને સંસ્કૃતની પ્રતિષ્ઠા રાષ્ટ્રીય જાગૃતિના કાળમાં વધતી રહી.

પરંતુ રાષ્ટ્રીય પ્રશ્નોમાં અટવાઇ પડેલી સરકારનાં કારણે ઇ.સ. 1947 માં ભારતમાં સ્વતંત્રતાના પ્રભાતબાદ બહુ ઝડપથી કોમી રમખાણો, પ્રાદેશિક ઝઘડા અને ભાષાકીય વિવાદોનો જવાળામુખી ફાટી નીકળ્યો સદીઓની ગુલામીની પકડમાંથી મુક્ત થયેલ પ્રજાનું આકાંક્ષા સ્તર એકમત ઉછળીને ઊંચુ ગયું. કોઇપણ ભોગે જીવનધોરણ ઊંચું લઇ જવા માટે પ્રજાના તમામ વર્ગે મર્યાદા ઓળંગીને પડાપડી કરવી શરૂ કરી. પરિણામે પ્રજાની નીતિમત્તા, મૂલ્યો તથા શિક્ષણ અને સંસ્કારનાં ધોરણોનું ઝડપભેર પતન થવા લાગ્યું. રાજકીય કાવાદાવા, સત્તાના સંઘર્ષો અને પક્ષીય કે કયારેક તો વ્યકિતગત વગ અને મોભ્ભાને સ્થાપવા-વિસ્તારવાના પ્રયાસો વધવા લાગ્યા. શિક્ષણ કરતા સંપતિ અને સત્તાનું વિશેષ ગૌરવ થવા લાગ્યું. ગરીબી, બેકારી અને નિરક્ષરતા દેશની મુખ્ય સમસ્યા બની. દેશમાં અનાજ તેમજ અન્ય વપરાશી અને ઔદ્યોગિક માલની અછત વર્તાવા લાગી. આર્થિક સ્વાવલંબન મુખ્ય ધ્યેય બન્યું. પરિણામે રાષ્ટ્ર પ્રગતિ માટે પંચવર્ષીય યોજનાઓનો આરંભ થયો. પરંતુ સંજોગાવશાત્ સરકારની નીતિ ઔદ્યોગિક અને ધંધાકીય શિક્ષણ પ્રત્યે વળી તેમજ ઉત્પાદકીય શિક્ષણનું મહત્ત્વ વધ્યું. આમ, શિક્ષણમાં વિદ્યાકીય બાજુ પરત્વે ધ્યાન ઓછું થયું. આને પરિણામે આવા અણધારી દિશામાંથી આવી પડેલા અવરોધોએ સંસ્કૃત શિક્ષણને મોટો ફટકો માર્યો અને સંસ્કૃત સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ચોક્કસ ધર્મની ભાષા તરીકે અને નગણ્ય સંખ્યાની મૃતભાષા તરીકે ખપી ગઇ.

આમ, ઇતિહાસથી અલિપ્ત એવો કોઇ પણ વિકાસ શકય જ નથી. સંસ્કૃત શિક્ષણના વિકાસ અને સંકોચનની ઘટમાળને પણ જગતના કોઇ પણ બનાવની જેમ તેનો ઇતિહાસ તથા ઐતિહાસિક ભૂમિકા છે, જેનો ટૂંકમાં છતાં સમગ્ર ખ્યાલ ઉપર્યુકત ઇતિહાસના ઘટના ચક્રમાં જોઇ શકયા.

## 2.5 સંસ્કૃત શિક્ષણ અને તત્ત્વજ્ઞાન

ઇતિહાસની જેમ જ માનવીય વર્તનમાં પણ તાત્ત્વિક ભૂમિકા મહત્ત્વનો ભાગ ભજવે છે. આ તાત્ત્વિક સિદ્ધાંતોમાં મતભેદો સંભવિત છે. પરંતુ ખરું જોતાં આ મતભેદો તત્ત્વભેદને લીધે નહી, પરંતુ, તે પ્રત્યેના અભિગમને કારણે હોય છે. શિક્ષણ પરત્વે જુદી-જુદી તાત્ત્વિક વિચારણા લાગુ પાડવાથી શિક્ષણ પરત્વેનો અભિગમ બદલાય છે અને તેની અસર શિક્ષણના સિદ્ધાંત સ્વરૂપ અને વ્યવહાર સ્વરૂપ બંને પર થાય છે. પરંતુ,

એનો લાભ એ છે કે વિભિન્ન મતભેદોની આકરી કસોટીમાંથી પસાર થયેલું મૂલતત્ત્વ આખરે તો તેના સ્વ રૂપને જ વધુ વિશદતાથી સ્પષ્ટ કરે છે. આથી સંસ્કૃત શિક્ષણ અંગેની તાત્ત્વિક વિચારણા અંતર્ગત સંસ્કૃત શિક્ષણના ઔચિત્ય-અનૌચિત્યની ચર્ચા અત્રે પ્રસ્તુત છે.

❋ **આદર્શવાદ**

સૃષ્ટિના અંતિમ સત્યને આ વાદ અમૂર્ત માને છે અને જેમાં અમૂર્ત પ્રતીકો હોય તેવા વિષયોના અભ્યાસનું તેમાં ઘણું મહત્ત્વ છે. ગણિત, સંસ્કૃત અને અન્ય પ્રશિષ્ટ ભાષાનો અભ્યાસ અમૂર્ત પ્રતીકોના ખ્યાલને વિકસાવવામાં ઘણો મદદરૂપ બને છે. કવિતા અને કલાની દષ્ટિએ પણ સંસ્કૃતનો અભ્યાસ આગવું સ્થાન ધરાવે છે. પૂર્વીય આદર્શવાદનું તો ખરેખરું નિરૂપણ જ સંસ્કૃતમાં થયું છે. સંસ્કૃતનો અભ્યાસ એટલે જ પૂર્વીય આદર્શવાદનો અભ્યાસ એમ કહેવામાં પણ કોઇ ભારે અતિશયોક્તિ નથી. સંસ્કૃતનો સંનિષ્ઠ અભ્યાસી ચિંતન શકિત, તર્ક શકિત અને આત્મસંયમની ખીલવણી સહજ ભાવે કરી શકે છે ચારિત્ર્ય ઘડતર, નીતિમત્તા અને ધર્મના શિક્ષણનું મહત્ત્વ આદર્શવાદ સ્વીકારે છે. તે દષ્ટિએ તો સંસ્કૃતનો અભ્યાસ અનિવાર્ય બની રહે એમ છે. આદર્શવાદ માને છે કે સંસ્કૃત, ગ્રીક, લેટિન, ફારસી, અરબી જેવી પ્રશિષ્ટ ભાષાઓ તેમનું વ્યવહારુ મૂલ્ય ન હોય તો પણ શીખવી જોઇએ.

❋ **પ્રકૃતિવાદ**

પ્રકૃતિવાદના મતે અભ્યાસક્રમ બાળક કુદરત અને માનવીઓ સાથેના સંપર્કમાંથી શીખે એ પ્રમાણેનો હોવો જોઇએ. આ ઉપરાંત બાળકના રસ, રુચિ અને અનુભવને અનુરૂપ અભ્યાસક્રમ હોવાનું પણ આ વાદ માને છે. ઔપચારિક શિક્ષણ વિકાસના ત્રીજા તબક્કાથી અને નૈતિક, ભાવાત્મક, ધાર્મિક અને આધ્યાત્મિક શિક્ષણ વિકાસના ચોથા તબક્કાથી શરૂ થવું જોઇએ અને તેમાં તે ભાષા શિક્ષણ તેમજ લલિતકળાના શિક્ષણનું મહત્ત્વ સ્વીકારે છે. આ સંદર્ભમાં સંસ્કૃત જેવો વિષય વધુ ઉપયોગી નીવડી શકે. જો કે પ્રકૃતિવાદ કોઇપણ વિષયને વિદ્યાર્થી ઉપર લાદવાની વિરુદ્ધ છે. છતાં વિદ્યાર્થીના રસ અને રુચિ અનુકૂળ થાય ત્યારે તેને સંસ્કૃતનું જે-તે કક્ષાનું શિક્ષણ આપવામાં પ્રકૃતિવાદની દષ્ટિએ કશો સૈદ્ધાંતિક વાંધો આવતો નથી.

✳ **વાસ્તવવાદ**

વાસ્તવવાદને મતે સાહિત્ય, કાવ્ય, ઇતિહાસ, પ્રશિષ્ટભાષાઓ વગેરે માનવવિદ્યાઓ અષ્પષ્ટ અને હવાઇ છે. તેમાં તરંગ અને તુક્કા વધુ અને નક્કર હકીકતો ઓછી હોય છે. સાચું જ્ઞાન તો નક્કર હકીકતોની જાણકારીમાંથી જ મળે છે. આ વિચારસરણીમાં સંસ્કૃત શિક્ષણને કશું જ સ્થાન નથી એમ માનવામાં આવે છે. પરંતુ સંસ્કૃત ભાષાના સાહિત્યને હવાઇ, તરંગી કે 'ગતદિન' નું ગણવામાં જ મૂળભૂત ભૂલ થાય છે. સંસ્કૃત સાહિત્યના અસંખ્ય વિચારો આજની રોજ બરોજની દુનિયામાં એટલા જ ઉપયોગના છે જેટલા ભૌતિકવાદી વિષયો. આ હકીકતનો સ્વીકાર કરવામાં આવે તો વાસ્તકવાદી વિચારધારામાં બધી પ્રશિષ્ટ ભાષાનો છેદ ઉડે તો પણ સંસ્કૃતને પોતાનો દાવો આગળ કરવાનો અધિકાર તો રહે જ છે. વિશેષ કરીને સાહિત્ય જીવનનો અરીસો હોય અને શાસ્ત્રો સામાજિક પરિસ્થિતિના નિરૂપણ, વિશ્લેષણ અને માર્ગદર્શન આપનારા હોય તો વાસ્તવવાદને સંસ્કૃત શિક્ષણ સામે વાંધો ઊઠાવવાનો રહેતો નથી બલ્કે તે આવકાર્ય બનવું જોઇએ.

✳ **વ્યવહારવાદ**

વ્યવહારવાદની દષ્ટિએ વિષયોનું વિષય તરીકે અંતર્ગત મૂલ્ય કશું જ નથી. સામાજિક સંદર્ભથી વિમુખ એવો અભ્યાસક્રમ હોઇ જ ન શકે. વિષયવસ્તુ અન્ય વિષયો સાથે કે જીવન પરિસ્થિતિ સાથે અનુબંધ કરીને શીખવુ જોઇએ. અભ્યાસક્રમના કેન્દ્રમાં અનુભવ અને સમસ્યા છે નહિ કે વિવિધ વિષયવસ્તુ આ દષ્ટિએ સમસ્યા ઉકેલમાં જો સંસ્કૃત ભાષા ઉપયોગમાં આવે તો તેનું મહત્ત્વ છે નહિ તો નથી. પરંતુ સંસ્કૃત શિક્ષણના સંદર્ભમાં વ્યવહારવાદી વિચાર વધુ વિગતે મૂલવવો જોઇએ. ઇતિહાસ, ભૂગોળ, નાગરિક-શાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરેનું સંકલિત સ્વરૂપ સમાજવિદ્યા શીખવવા તે આગ્રહી છે ત્યારે ઇતિહાસ શિક્ષણમાં સંસ્કૃત શિક્ષણ ઉપકારક બને છે. એ હકીકતનો ઇન્કાર થઇ શકે એમ નથી. વળી, વિવિધ ભાષાના અભ્યાસ માટે એ પ્રકારનો સંકલિત અભ્યાસક્રમ તૈયાર કરવામાં સંસ્કૃતનું સ્થાન સૌ પ્રથમ લખવું પડે. ઉપરાંત વ્યવહારમાં સરળ થાય તે નીતિ, અને તે પણ વ્યક્તિગત સ્વાર્થની દષ્ટિએ નહિ પણ સામાજિક દષ્ટિએ એમ વ્યવહારવાદ માને છે ત્યારે આવી નીતિનું શિક્ષણ તો સંસ્કૃત સાહિત્યમાંથી જ વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. વળી, વર્તમાન સમયની સૌથી મોટી સમસ્યા વિશ્વશાંતિની અને આવી બીજી અનેક સમસ્યાઓના ઉકેલ માટે

તો સંસ્કૃત સાહિત્ય જ ખૂબ ઉપયોગી છે. વિષય શિક્ષણને સામાજિક સંદર્ભમાં જ મૂલવવાનું હોય તો ભારતીય જનસમાજમાં સંસ્કૃત ભાષા, સાહિત્ય અને શાસ્ત્રની વ્યાપક અસર પ્રવર્તે છે. સંસ્કૃતનું શિક્ષણ એ અસરને સમજવામાં અને તેના સદુપયોગમાં ઉપકારક નીવડશે.

### ❋ નવરચનાવાદ

સમાજ પરિવર્તનની સાથે શિક્ષણમાં પરિવર્તન આવે અને સમાજની નવરચનામાં આગળ પડીને શિક્ષણ પોતાનો ફાળો આપે એ નવરચનાવાદીની માન્યતા છે. આ વિચારધારા શ્રમપ્રધાન અને કાર્યપ્રધાન શિક્ષણ પર ભાર મૂકે છે. વિશાળ આમજનતાને આત્મસાક્ષાત્કારની તક આપવામાં તે માને છે. પરંતુ તેની પશ્ચાત્ ભૂમિકા તો ભૌતિકવાદી જ વિશેષ છે. આ સંદર્ભમાં ભૂતકાલીન અનુભવો જેટલું જ મહત્ત્વ ઇતિહાસ અને સંસ્કૃત વિષયોનું આંકી શકાય, નવરચનાવાદ કુદરત સાથે અનુભવને પણ જગતનું અંતિમ સત્ય માને છે. આમ, વર્તમાન ભૂમિકા અને ભૂતકાલીન અનુભવના ભાથાં ઉપર જો ભાવિનો નકશો કંડારી શકાતો હોય તો સંસ્કૃત જેવા વિષયોનું મૂલ્ય નવરચનાવાદે સ્વીકારવું જ રહ્યું.

### ❋ અસ્તિત્વવાદ

બીજાના વ્યક્તિ સ્વાતંત્ર્યની આડે આવ્યા વિના પોતાના સ્વાતંત્ર્યનો નિર્બંધ અને મુક્ત ઉપયોગ અને ઉપભોગ કરવાના વ્યક્તિના અધિકાર ઉપર અસ્તિત્વવાદ ભાર મૂકે છે. જેને લીધે શિક્ષણ વ્યવસ્થામાં શું હોવું અને શું ના હોવું તેનો આધાર દરેકના વ્યક્તિગત અભિપ્રાય ઉપર જ રહે છે જો કે લલિતકળાઓ આત્માભિવ્યક્તિનું શ્રેષ્ઠ સાધન હોવાથી ભાષા, સાહિત્ય વગેરેના અધ્યયનનું ઘણું મહત્ત્વ તે સ્વીકારે છે એ રીતે આ વાદ પ્રમાણે સંસ્કૃતનું શિક્ષણ પ્રમાણમાં મહત્તા ધારણ કરે છે. પરંતુ આખરે તો અસ્તિત્વવાદમાં વ્યક્તિની જેવી ઇચ્છા તેટલી જ અગત્ય કોઇપણ વિષયની સ્વીકારવામાં સંસ્કૃત શિક્ષણનો ઇન્કાર નથી.

આમ, ભારતીય પરિસ્થિતિમાં કોઇપણ વિચાર ધારા સંસ્કૃત શિક્ષણનો સમૂળગો છેદ ઉડાવી શકે એવી શકયતા જણાતી નથી. અલબત્ત આદર્શવાદમાં સંસ્કૃત જેવા વિષયનું જે ઉચ્ચત્તમ મહત્ત્વ છે તે પ્રકૃતિવાદમાં નથી પ્રકૃતિવાદ સંસ્કૃત વિરોધી નથી, જ્યારે નવરચનાવાદને તેનું થોડુંક મૂલ્ય તો સ્વીકારવું પડે એમ છે. વાસ્તવવાદ અને વ્યવહારવાદ પણ પ્રશિષ્ટ ભાષાના શિક્ષણના વિરોધી હોવા છતાં સંસ્કૃત શિક્ષણને છેક

બાજુ પર મૂકી શકે એમ નથી. વળી વૈચારિક અને અમૂર્ત વિષયોનો છેદ ઉડાવવામાં તો ખુદ તાત્ત્વિક વિચારસરણીના અભ્યાસનો પણ છેદ ઊડી જાય. તત્ત્વજ્ઞાન પણ આખરે તો એક વૈચારિક, અમૂર્ત અને ચિંતનાત્મક જ્ઞાન પ્રકાર જ છે. અસ્તિત્વવાદમાં વ્યકિત સ્વાતંત્ર્યનું પ્રાધાન્ય હોવાને લીધે તેમાં વ્યક્તિની ઇચ્છા પર જ સંસ્કૃત શિક્ષણનું મહત્ત્વ નિર્ભર છે. મહત્ત્વ નથી જ એવું તેમાંથી પ્રતિપાદિત થતું નથી ટૂંકમાં, કહી શકાય કે સંસ્કૃત શિક્ષણ તાત્ત્વિક દૃષ્ટિએ નકામું, બિનઉપયોગી અને અવ્યવહારુ છે એવું પણ એક પણ વાદની વિચારસરણી નિઃશંક રીતે સિદ્ધ કરી શકે એમ નથી. એથી વધુ સાચું વિધાન તો એ હોઇ શકે કે કોઇપણ વાદની દૃષ્ટિએ સંસ્કૃત શિક્ષણનું મૂલ્ય વિધેયાત્મક જ રહેશે.

## 2.6 સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ

'સંસ્કૃતિ' શબ્દમાં ધર્મ, જાતિ, રીતરિવાજ, આચાર-વિચાર, સભ્યતા, વેષભૂષા, દર્શન ઇત્યિાદીનો અંતરભાવ થાય છે. આપણા ઋષિમુનિઓ વેદમંત્રોના દૃષ્ટા હતાં. જેઓ માનવજીવનના વિવિધ વ્યવહારોના તજજ્ઞ હતા અને તેમણે પોતાના જ્ઞાન અને અનુભવોનો નિચોડ પોતાના ગ્રંથોમાં સંકલિત કર્યો છે અને એના સુફળ સ્વરૂપે આપણને ચાર સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો, આરણ્યકગ્રંથો અને ઉપનિષદ્ગ્રંથો વારસા સ્વરૂપે મળ્યા છે. વેદોનું રક્ષણ કરવા માટે એટલે કે વૈદિક સંહિતાઓના સ્વરૂપના રક્ષણાર્થે, વૈદિકમંત્રોના સ્પષ્ટીકરણ માટે એટલે કે વેદમંત્રોના અવબોધાર્થે અને વેદમંત્રોના ચોક્કસ, નિશ્ચિત ઉચ્ચારણ અર્થે જે ગ્રંથો લખાયા તે વેદાંગો તરીકે જાણીતા થયા. વેદાંગો છ છે. શિક્ષા, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ, છંદ અને કલ્પ. શિક્ષાગ્રંથોમાં પ્રાતિશાખ્યો ખૂબ જ પ્રસિદ્ધ છે. જેમને આજની પરિભાષામાં ઉચ્ચારણશાસ્ત્રના ગ્રંથો માનવામાં આવે છે. વ્યાકરણ શાસ્ત્ર એટલે મૂલાવિદ્યા અર્થાત્ વ્યાકરણની મદદથી જ આપણને અર્થની અવગતિ થાય છે. નિરુક્ત એટલે નિર્વચનશાસ્ત્ર એટલે કે વ્યુતપત્તિ શાસ્ત્ર એટલે કે આજની પરિભાષામા એને અર્થવિજ્ઞાનના નામે અભિહિત થાય છે. ઋક્ષિમુનિઓયે જુદા-જુદા છંદોનો સમુચિત વિનિયોગ કરીને વેદમંત્રોનું પ્રણયન કરેલું છે. પ્રસિદ્ધ વૈદિક છંદો આ પ્રમાણે છે ગાયત્રી, પંકિત, ઉષ્ણિક, વિરાટ્, જગતી, બૃહતી, ત્રિષ્ટુપ, વૈદિક વિધાનો ક્યારે કરવા એટલે કે કયાં વર્ષમાં, કયાં માસમાં, કયાં પક્ષમાં કઇ તિથિમાં અને કયાં ચોઘડિયામાં કરવા તેની પૂરી મીમાંસા જે ગ્રંથોમાં કરેલ છે તેમને જ્યોતિષ વિજ્ઞાનના પુસ્તક તરીકે ઓળખવામાં આવે છે. કલ્પસૂત્રોમાં શ્રૌતસૂત્રો, ધર્મસૂત્રો, ગુહ્યસૂત્રો અને શુલ્વસૂત્રોનો સમાવેશ થાય છે.

વૈદિક સાહિત્યનું પરિશીલન કરતા કોઇપણ અધ્યયનકર્તાને આપણા પૂર્વજોના આચાર-વિચાર કેવા હતા તેમની તાત્ત્વિક વિચારસરણી એટલે કે દાર્શનિક વિચારધારા કેવી હતી તેમની રહેણી કહેણી એટલે કે વેષભૂષા કેવી હતી તેમનો જીવન પ્રત્યેનો દષ્ટિકોણ કેવો હતો તેમની જીવન અંગેની અને મરણ સંબંધી સંકલ્પના-વિભાવના કેવી હતી એ બધાની જાણ થાય છે.

## 2.7 સંસ્કૃત ભાષામાં વ્યકત થતાં જીવન મૂલ્યો

આપણા સમૃદ્ધ હિન્દુ ધર્મે એમ પ્રબોધ્યું છે કે માનવજીવનનું કોઇ અંતિમ લક્ષ્ય છે અને તે અમુક માર્ગે અથવા તો અમુક ઉપાદાનોનો ઉપયોગ કરીને સિદ્ધ કરી શકાય. તદ્અર્થે હિન્દુ ધર્મ શાસ્ત્રકારોએ માનવજીવનને સો વર્ષનું માનીને જીવનને ચાર તબક્કાઓમાં વિભકત કર્યું છે. જે ચાર આશ્રમોના નામે જાણીતા છે. જેમના નામો છે બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ્થાઆશ્રમ.

હિન્દુ ધર્મધુરંધરોયે ધર્મની અમુક ચોક્કસ પરિભાષા પ્રસ્તુત કરીને એનું કાર્યક્ષેત્ર નક્કી કર્યું છે અને ધર્મને ષડ્ વિધ ગણાવ્યું હતું. તે છ પ્રકારના ધર્મના નામ આ પ્રમાણે છે. (1) વર્ણધર્મ (2) આશ્રમધર્મ (3) વર્ણાશ્રમધર્મ (4) વ્યક્તિધર્મ (5) નૈમિત્તિકધર્મ (6) માનવધર્મ.

માનવતા અથવા માનવ્યમાં આ પ્રમાણેની ગુણ સંપત્તિનો સમાહાર થાય છે. જેમ કે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, અજિહમતા, અપૌરૂષ્ય, સંયમ, દમ, દયા, પરિગ્રહ, સંચય, કારુણ્ય, અલૌલુપતા, ષડ્ રિપુનો પરિત્યાગ, સૂચિતા, કર્તવ્યપાલન, પાપભિરુતા, સહકારની ભાવના.

ત્રિવિધ અહિંસા, ત્રિવિધ સત્ય, ત્રિવિધ તપનો વ્યક્તિ માત્રે એવો અર્થ કરવો જોઇએ કે જેથી સાર્વજનિક અને સાર્વત્રિક કલ્યાણ સધાતું રહે. આપણે સ્વાર્થમૂલક દષ્ટિકોણનો પરિત્યાગ કરવો જોઇએ. આપણે ત્યાગપૂર્વક ઉપભોગ કરવો જોઇએ અને કોઇની પણ કોઇ વસ્તુ હડપ કરી જવાનો વિચાર શુદ્ધા ન કરવો જોઇએ. માણસે સાચા અરસામાં નિગ્રહી, વશી, સંયમી, બનવું જોઇએ એટલે કે ઇન્દ્રિયોના ગુલામ નહિ પણ ઇન્દ્રિયો પર વિજય મેળવવો જોઇએ. આના યોગ્ય ઉદાહરણો આ પ્રમાણે છે :

(1) 'इशावास्यम् इदम् सर्वम् ।'

(2) 'तेन त्यक्तेन भुञ्जिथा: ।'

(3) 'मा गृध्र: क्स्ययित धनम् ।'

## 2.8 સંસ્કૃત અને પર્યાવરણ જાળવણી

આપણે ત્યાં એવો તદ્દન ભૂલભૂરેલો નિરાધાર મત પ્રવર્તે છે કે સંસ્કૃત ભાષા મૃત ભાષા છે એની કશી ઉપાદેયતા નથી પણ આ વિચાર મૂળથી જ ખામી ભરેલો છે અને તદ્દન હાસ્યાસ્પદ છે.

આપણે સારી રીતે જાણીયે છીએ કે સંસ્કૃત ભાષા આપણા દેશની જ પ્રાચીનતમ્ ભાષા નથી પણ સમગ્ર વિશ્વની આદિમતમ્ ભાષા છે. એટલે સંસ્કૃત ભાષા એ તો માધ્યમ છે, જેના દ્વારા અનેક વિદ્યાશાખાઓનું ખેડાણ આપણે ત્યાં થયું હતું અને વિદેશના વિદ્વાનો સંસ્કૃત પ્રત્યે એની સમૃદ્ધિથી આકર્ષાઇને જ કામ કરી રહ્યા છે.

આપણે આપણી વાતનું સમર્થન યોગ્ય અવતરણો દ્વારા કરી શકીએ યોગ્ય ઉદાહરણો આ પ્રમાણે છે.

- ऋग्वेद માં એક મંત્ર એવો છે કે જેમાં પ્રાચીન ભારતીય અવકાશવિદ્યાનું પ્રતિબિંબ થાય છે.

  આ વિશ્વ શામાંથી થયું તો તેના જવાબમાં એવું કહેવામાં આવ્યું છે કે આ વિશ્વ આત્મામાંથી સંભવ્યું છે. અથવા તો તેમાંથી એટલે કે પરમ આત્મામાંથી સંભવ્યું છે. તેમાંથી આકાશ નીકળ્યું, તેમાંથી વાયુ નીકળ્યો, તેમાંથી પાણી પ્રગટયું અને તેમાંથી પૃથ્વીનો પ્રાદુર્ભાવ થયો અને પૃથ્વી પર રહેલા પાણીમાં પહેલો જીવ પ્રગટ થયો અને પછી વિવિધ જીવસૃષ્ટિ અસ્તિત્વમાં આવી.

- महाभारत ના शान्तिपर्व માં અધ્યાય 184 ના 18 શ્લોકમાં કહ્યું છે કે -

  સૂર્યપ્રકાશની હાજરીમાં વૃક્ષો ઓકિસજન એટલે કે પ્રાણવાયુ બહાર કાઢે છે અને રાત્રે જયારે સૂર્ય પ્રકાશ હોતો નથી ત્યારે કાર્બન ડાયોકસાઇડ એટલે કે અંગાર વાયુ બહાર ફેંકે છે. સૂર્યકિરણોની ઉષ્માને લીધે દિવસે વૃક્ષો પ્રાણવાયું આપે છે. જેનાથી સમગ્ર જીવસૃષ્ટિ જીવે છે પણ તેજ વૃક્ષો રાત્રે અંગારવાયુ બહાર કાઢતા હોવાને લીધે એવું પ્રબોધાયું છે કે રાત્રીના સમયે વૃક્ષોના નીચે શયન કરવું ન જોઇએ.

- સંસ્કૃત પુરાણોમાં વૃક્ષારોપણનો મહિમા તારસ્વરે લલકારવામાં આવેલો છે. વૃક્ષારોપણને લીધે પવનશુદ્ધિ થતી હોય છે. આપણને છાંયડો મળતો હોય છે અને જુદાં-જુદાં પક્ષીઓ ઝાડ ઉપર રહીને કીટકોનું ભક્ષણ કરતા હોવાને લીધે જીવજંતુનો ત્રાસ કે પીડામાંથી આપણને મુક્તિ મળતી હોય છે.

- શાકુન્તલ ના ચોથા અંકમાં 'पातुम् न प्रथमम्' નો અનુવાદ આ પ્રમાણે છે :

શકુન્તલાના પાલક પિતા કણ્વઋષિ આશ્રમના વૃક્ષોને ઉદ્દેશીને ઉચ્ચારે છે કે હે વૃક્ષો ! આજે શકુન્તલા પતિના ઘરે જઇ રહી છે. જે તમારા પ્રત્યે એટલો બધો સ્નેહભાવ ધરાવે છે કે જે પોતે તૃષાર્ત હોવા છતાં પાણી પીતી નથી. તમને જ્યાં સુધી તે પાણી ન પાય ત્યાં સુધી તે પાણી ગ્રહણ કરતી નથી અને એને પોતાને અલંકારો ગમતા હોવા છતાં પણ તમારા પરથી કૂંપળ પણ તોડતી નથી અને જ્યારે તમારા ઉપર પુષ્પ આવે છે ત્યારે તે મહોત્સવની ઉજવણી કરે છે.

અહીંયા કાલિદાસે કણ્વના મુખમાં જે શબ્દ મૂક્યા છે તેના દ્વારા સંકેત થાય છે કે વૃક્ષો પર્યાવરણની જાળવણી કરવામાં નિઃશંકપણે સહાયભૂત નીવડે છે. આજે પૂના, નવસારી જેવાં શહેરોમાં એવાં સૂત્રો લટકતાં જોવા મળે છે કે -

'वृक्षः रक्षितः रक्षतिं ।' અર્થાત્ રક્ષાયેલું વૃક્ષ આપણને રક્ષે છે.

- મેઘદૂતમ્ નો યક્ષ મેઘને ઉદ્દેશીને પોતાના નિવાસ સ્થાનની ઓળખ આપતા જણાવે છે કે મારા ઘરની સામે બાલમન્દાર વૃક્ષ મારી પ્રિયતમાએ ઉછરેલું છે અને તે તેને પોતાના વ્હાલા બાળકની જેમ ગણે છે. આવો જ વિચાર દોહરાવતા આર. કે. પટેલે પોતાની यक्षरसिकालहरी ના 18 માં શ્લોકમાં કહ્યું છે કે -

**"देवार्चन प्रतिदिनं विधिना करोमि**

**स्वाध्यायबद्धमनसा रचयामि काव्यम् ।**

**सिग्चामि पादपकुल प्रणयेन नित्यं**

**वश्येव तेडभिलषितं हृदयने कुर्वे ॥"[12]**

<u>અર્થાત્</u>- હું પ્રતિદિન વિધિવત્ દેવાર્ચન કરું છું સ્વાધ્યાયમાં બંધાયેલા મનથી કાવ્ય રચું છું અને પાદપસમૂહને પ્રણય પૂર્વક નિત્ય સીચું છું આ રીતે તારું અભિલષિત હું વેશ્યાની જેમ, કહ્યાગરી સ્ત્રીની માફક હૃદયપૂર્વક કરું છું.

## 2.9 સંસ્કૃતભાષાના મુખ્ય સારસ્વતો

સંસ્કૃતભાષાના પ્રમુખ સારસ્વતોમાં અનેકાધિક વિદ્વાનો ભાસ, કવિકુલગુરુ કાલિદાસ, આચાર્ય રાજશેખર અને પંડિતરાજ જગન્નાથ જેવી વિભૂતિઓને તેમના સંસ્કૃત સાહિત્યમાં વિપુલ અને ગુણવત્તા સભર ખેડાણને લીધે સમાવિષ્ટ કરે છે.

❋ **ભાસ**

કાલક્રમની દષ્ટિએ સંસ્કૃત ભાષાના પ્રમુખ સારસ્વતોમાં પ્રથમ સ્થાને ભાસ બિરાજે છે. જેમણે આ પ્રમાણેનાં કુલ 13 નાટકોની રચના કરેલ છે.




આ ઉપરાંત કેટલાક વિદ્વાનોનું એવું માનવું છે કે ભાસે यज्ञफल નામનું નાટક લખેલું પરંતુ આ વસ્તુ સ્થિતિને બોમ્બે યુનિવર્સિટીના જી. સી. ઝાલા સાહેબે નકારી કાઢી છે અને પૂરતાં પ્રમાણો ટાંકીને નિરાધાર પુરવાર કરી છે.

ભાસ સાદાયનું પ્રતિનિધિત્વ કરતો મહાન નાટ્ય કલાધાર છે. જેનાં નાટકોના ભરપુર વખાણ અનેકાનેક વિદ્ધાનોયે મુકત કંઠે કરેલા છે.

આચાર્ય રાજશેખર સાહેબે ભાસના स्वप्नवासवदत्तम् નાટકની અપ્રતિમતાને બિરદાવતા સંસ્કૃતમાં કહયું છે કે -

**"भासनाटकचक्रे डपि**

**च्छेकै: क्षिप्ते परीक्षितुम् I**

**स्वप्नवासवदतस्य**

**दाहकोडभून्न पावक: II"[13]**

<u>અર્થાત્</u>- જયારે ભાસનાં નાટકોની ઉગ્ર પરીક્ષા લેવા માટે વિવેચકોએ તેમને જયારે વિવેચનરૂપી અગ્નિમાં નાંખ્યા ત્યારે અગ્નિ સ્વપ્નવાસવદત્તમ નાટકને બાળી ન શકયો એટલે કે બીજા બધાં નાટકો ટકી ન શકયા. પરંતુ પોતાની ગુણવત્તાને લીધે સ્વપ્નવાસવદત્તમ નાટક હેમખેમ રહ્યું. એટલે કે સ્વપ્નવાસવદત્તમ નાટક વિવેચનરૂપી અગ્નિમાં ભસ્મીભૂત ન થયું સારાંશ એટલો જ કે નાટકીય તત્ત્વોની દષ્ટિએ અને પ્રતિપાદ્ય વિષયોની ઉદાત્તતાને લીધે આ નાટક અમર રચના બનીને આજે પણ દિવંગતભાસની યશોપતાકા ફરકાવી રહેલ છે.

प्रसन्नराघव નાટકના કર્તા કવિ જયદેવે કવિતા કામિનીનું રૂપક પ્રસ્તુતકર્તા ભાસને કવિતા કામિનીના હાસ તરીકે ઓળખાવેલા છે જેમકે 'भास: हास: I'

જલ્હણે લખ્યું છે કે 'भासो जल्याणमित्तम' એટલે કે ભાસ જવલનશીલ એટલે કે અગ્નિનો મિત્ર છે.

स्वप्नवासवदत्तम् નાટકમાં ભાસે વાસવદત્તા અને ઉદયનના અમર પ્રેમની નાટ્યાત્મક ઢબે રજૂઆત કરી છે. જે માનશશાસ્ત્રીય ઉદ્દેશ્ય પ્રધાન નાટક છે.

कर्णभारम् નાટકમાં પાંડવોના જયેષ્ઠભાઇ કર્ણની દાનવીરતાની પ્રશંસા કરવામાં આવી છે.

प्रतिमा નાટકમાં કલંકિત કકૈયીની પ્રોજજવલ ઓજસ્વીતા प्रतिमा નાટ્યકાર ભાસે કંડારી છે. આ નાટકમાં ભાસે કકૈયીની વકીલાત કરીને એણે પોતાની પણ ખાસ આગવી છાપ ઉપસાવેલ છે.

दूतवाक्यम् માં પોતાની લીલા દર્શાવનાર શ્રીકૃષ્ણની સમક્ષ રુઆબભેર પોતાની ખુમારી વ્યક્ત કરનાર સુયોધનનું ચરિત્ર ચિત્રણ આલેખાયું છે.

આવા ગુણવત્તા સભર નાટકોની રચના કરનાર ભાસને બિરદાવતા મહાકવિ બાણ પોતાની કૃતિ हर्षचरितम् માં લખે છે કે

**"सूत्रधारकृतारम्भैर्नाटकै**
**बहुभूमिकैर सपताकै ।**
**र्यशो लेभे भासो**
**देवकुलैरिव ।"[14]**

<u>અર્થાત્</u>- કુશળ સ્થપતિઓ વડે રચાયેલાં અનેક માળવાળાં પતાકાઓવાળાં દેવમંદિરો ઊભાં કરવાથી જેવો યશ મળે તેવો યશ સૂત્રધારથી આરંભતા અનેક પાત્રોવાળાં તથા પતાકાવાળાં નાટકોથી ભાસને મળ્યો.

## ❋ કવિ કુલગુરુ કાલિદાસ

કવિ કુલગુરુ કાલિદાસે આ 7 રચનાઓનું પ્રણયન કરેલું છે.

કાલિદાસની રચનાઓ
- ખંડકાવ્યો
  - (1) ऋतुसंहारम्
  - (2) मेघदूतम्
- નાટકો
  - (1) माल्विकाग्निमित्रम्
  - (2) विक्रमोर्वशीयम्
  - (3) अभिज्ञानशाकुन्तलम्
- મહાકાવ્યો
  - (1) कुमारसंभवम्
  - (2) रघुवंशम्

ऋतुसंहारम् એક ફાગુ કાવ્ય છે. જેમાં ભારતવર્ષની છ ઋતુઓનું ક્રમિક વર્ણન પ્રાપ્ત થાય છે. આ રચના કવિની આરંભિક રચના છે. અને તેથી આ નાટકમાં કવિત્વની માત્રા બહુ ઓછી પરીલક્ષિત થાય છે. અને એનાં વિષયની ઉદાત્તતા પણ દષ્ટિગત થતી નથી.

મેઘદૂતम् એક સુંદર ઊર્મિપ્રધાન કાવ્ય છે. જેનો પ્રત્યેક શ્લોક પાણીદાર મૌકિતકની જેમ ઝળકે છે. જેને પોતાની યક્ષિણીથી વિયુકત રહેવાનો અભિશાપ મળ્યો છે. એવો યક્ષ રામગીરી ઉપરથી યક્ષિણીને મેઘ દ્વારા સંદેશો પાઠવે છે. તેનું માર્મિક નિરૂપણ 18 શ્લોકોમાં કાલિદાસે કર્યુ છે. આ કાવ્યના માધ્યમ દ્વારા કાલિદાસ એવો સંદેશ આપે છે કે એકનિષ્ઠ પ્રેમ કદી ઓછો થતો નથી. તે અફ્ટ – અચલ – અડગ રહેતો હોય છે. વિરહાગ્નિમાં પણ તે ભસ્મીભૂત થતો નથી. આ કાવ્ય દ્વારા કવિ કાલિદાસ એવું પણ સૂચવે છે કે વ્યકિતએ પોતાની ફરજ બરાબર રીતે બજાવવી જોઇએ કોઇ પણ વ્યકિતએ પોતાના ધર્મ પ્રત્યે પ્રમાદ સેવવો ન જોઇએ. આ કાવ્યમાંથી એવો ધ્વનિ પણ સંભળાય છે કે માનવજીવનમાં સુખ દુઃખતો વારાફરતી આવતા – રહેતાં હોય છે આ કાવ્યમાં કવિ કુલગુરુ કાલિદાસ લખે છે કે જે પ્રમાણે ચક્રના આરાઓ ઉપર નીચે ફર્યા કરે છે તે પ્રમાણે માનવજીવનમાં સુખદુઃખની ઘટમાળ ચાલતી રહે છે. સંસ્કૃતમાં યોગ્ય જ નિર્દેશ કરવામાં આવ્યો છે કે 'चक्रवत् परिवर्तन्ते दु:खानि च सुखानि च।'

माल्विकाग्निमित्रम् માં માલવદેશની રાજકુંવરી માલ્વિકા અને વિદર્ભના રાજા અગ્નિમિત્રની રંગદર્શી પ્રણયકથા ગૂંથી લેવામાં આવેલ છે. જે નાટકમાં નાટ્યત્વની માત્રા ઓછી અને વિષયગત ઉચ્ચતા પણ દષ્ટિગોચર થતી નથી.

विक्रमोर्वशीयम् માં પ્રતિષ્ઠાન નગરીના રાજા પુરુરવા અને સ્વર્ગની અપ્સરા ઉર્વશીની પ્રણયકથા ગૂંથવામાં આવેલ છે. જેમાં નાટ્યત્વ અને કવિત્વની સારી ઝલક આપણને આસ્વાદવા માટે મળે છે. આ નાટકમાં જે ચર્ચરિકા નામનાં પદ્યો ઉપલબ્ધ છે તે નૃત્ય સાથે ગાય શકાય તેવા છે. અને એટલે જ તો આ બાબતને અનુલક્ષીને એમ માનવામાં આવે છે કે કાલિદાસ મહાકવિ તો હતા જ પણ તે સારા સંગીતજ્ઞ પણ હતા.

अभिज्ञानशाकुन्तलम् માં સંસ્કૃતના મહાન નાટ્યકાર કાલિદાસે હસ્તિનાપુરના રાજા દુષ્યંત અને મહર્ષિ કણ્વ કે કાશ્યપની ધર્મદુહિતા શકુંન્તલાની અમર પ્રણયગથા તારસ્વરે એટલે કે મુકતકંઠે લલકારેલી છે. નાટકીય તત્ત્વોની દષ્ટિએ આ નાટક સૌથી વધુ મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. એવું સર્વ સામાન્ય રીતે મોટેભાગના વિદ્વાનોનું માનવું છે. કવિ કુલગુરુ કાલિદાસે આ નાટકના પહેલા અંકથી માંડી છેલ્લા અંકના છેલ્લા શ્લોક સુધી નસીબ, ભાગ્ય, વિધિ, વિધાતા કે નિયતિનું પ્રાબલ્ય દર્શાવી ભાગ્યવાદનો મહિમા લલકાર્યો છે.

કુમારસંભવમ્ માં શૈલજા અને કૈલાસ અધિપતિ શંકર ભગવાનનાં પરિણયની કથા ગૂંથવામાં આવી છે. પાર્વતી પોતાના તપથી વિતરાગ શંકરને પતિ તરીકે મેળવે છે. એમ જણાવીને કવિ કુલગુરુ કાલિદાસે તપશ્ચર્યાનો પ્રભાવ સૂચવેલો છે.

રઘુવંશમ્ સંસ્કૃતનાં મુખ્ય પાંચ કાવ્યોમાં અગ્રસ્થાને બિરાજે છે. જેમાં ઇક્ષ્વાકુવંશના રાજવીઓના જીવનના મુખ્ય પ્રસંગો કાવ્યાત્મક શબ્દોમાં ગૂંથવામાં આવેલા છે. સૂર્યવંશી રાજાઓ પૈકી બે રાજાઓ આપણું ધ્યાન ખાસ આકર્ષે છે. તેમના નામ છે રઘુ અને રામ.

કોઇક અનામી પ્રશંસકે રઘુવંશમ્ ના સંદર્ભમાં એવો અભિપ્રાય ઉચ્ચાર્યો છે કે

'क : इह रघुकारे न रमते ।' અર્થાત્ એવો કોણ છે જેને રઘુવંશમ્ માં આનંદ ન આવે

રઘુવંશમ્ ના છઠ્ઠા સર્ગમા કવિ કાલિદાસે કહ્યું છે કે –

**"संचारिणी दीपशिखौव रात्रौ**

**यं चं व्यतीयाय पतिम् वरासा ।**

**नरेन्द्रमार्गाट्ट इव प्रपेदे**

**विवर्णभाव स: स भूमिपाल: ।"** [15]

અર્થાત્

જેના હાથમાં દીવો છે એવી વ્યકિત જયારે રાત્રિના સમયે રાજમાર્ગ ઉપરથી પસાર થતી હોય ત્યારે નજીક આવેલ પ્રાસાદ એકદમ ઝળહળી રહેતો પણ દીવાવાળી વ્યકિત જેવી આગળ વધતી કે તરત જ તે મહેલ ઝાંખો પડી જતો બરાબર તેવી જ દશા ઇન્દુમતી સ્વયંવર વખતે થઇ જેણે હાથમાં વરમાળા ધારણ કરી છે એવી ઇન્દુમતી જયારે પતિને વરવા માટે ઉપસ્થિત થઇ ત્યારે તે રાજાની પાસે તે આવી પહોંચતી ત્યારે તે રાજાનું મુખકમળ એકદમ શોભી રહેતું એટલે કે પ્રકાશિત થઇ જતું પણ ઇન્દુમતી જેવી આગળ વધતી– આગળ ધપતી તો ત્યારે તે જ ક્ષણે પાછળ રહી ગયેલ રાજાનું મુખ એકદમ ઝંખવાળું થઇ જતું. કાલિદાસે આપેલ આ સુંદર મજાની ઉપમા ઉપર વારી જઇને કોઇક અનામી વિવેચકે એને દીપશિખા કાલિદાસની પદવીથી અલંકૃત કર્યા છે.

❋ **આચાર્ય રાજશેખર :**

સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં એક માત્ર આચાર્ય રાજશેખર જ એવા લબ્ધ પ્રતિષ્ઠિત આચાર્ય છે કે જેમણે કવિજન સમાજને માટે અતિ ઉપાદેય એવું અપ્રતિમ પુસ્તક काव्यमीमांसा ઉપાયન સ્વરૂપે બક્ષ્યું છે. કવિ અને કાવ્યના વિષયમાં એમણે જે મૂલ્યવાન સામગ્રી એકત્રભાવે પ્રસ્તુત કરી છે તેવી અને તેટલી સામગ્રી આજ સુધીમાં કોઈપણ સંસ્કૃત આલંકારીકે પ્રસ્તુત કરી નથી. કાવ્યપુરુષોત્પતિ પ્રતિભાના 2 ભેદો છે. કારયિત્રી પ્રતિભા અને ભાવયિત્રી પ્રતિભા. વ્યુત્પત્તિ, કાવ્યપાઠો, કવિ સમય, કવિચર્યા, શબ્દહરણ અને અર્થગ્રહણ જુદી-જુદી બાબતોને ધ્યાનમાં રાખીને પાડવામાં આવેલા કવિઓના પ્રકારો આ બધા વિષયોની રજૂઆત તેમણે ખૂબ જ સુંદર શબ્દોમાં કરેલ છે.

રસિક પટેલનું એવું નમ્ર મંતવ્ય છે કે આચાર્ય રાજશેખરને એક આલંકારિક ગણવા એ પૂરતું નથી. પરંતુ ખરેખર તો એમને કાવ્યજગતની હરતી ફરતી વિદ્યાપીઠ તરીકે ઓળખવામાં એમનું ગૌરવ સમાયેલું છે. આચાર્ય રાજશેખરે કયાંય અભિમાન પ્રદર્શિત કર્યુ નથી. એમણે સર્વત્ર પોતાની સૌજન્યશીલતા દર્શાવી છે. જે કોઈપણ વિષય એ હાથ ધરે છે તેના સંદર્ભમાં એમણે પુરોગામીઓનાં મતો ટાંકેલા છે. કયાંક પોતાની વિદુષી પત્ની અવંતિસુંદરીના અભિપ્રાયને સ્થાન આપેલ છે. અને છેક છેવટે પોતાના અભિપ્રાય 'इति यायावरीयः' આપેલો છે.

આચાર્ય રાજશેખરે આ પ્રમાણેની કૃતિઓનું સર્જન કરેલ છે.

| | |
|---|---|
| (1) बालरामायण | (2) प्रचंडपांडव |
| (3) कर्पुरमंजरी | (4) विधसालभंजिकां |
| (5) जीवनकोश | (6) काव्यमीमांसा |

આચાર્ય રાજશેખરે પોતાની કૃતિ काव्यमीमांसा માં એક અવિસ્મરણીય શ્લોકનું સર્જન કરેલ છે. જે આ મુજબ છે.

**"चित्रोदाहरणे र्गुवी ।**

**ग्रन्थने तु लधीयसी ।**

**इयं न : काव्यमीमांसा**

**काव्यव्युत्पत्तिकारणम् ।"[16]**

અર્થાત્- અમારી કાવ્યમીમાંસાએ જાત-જાતના આકર્ષક ઉદાહરણ રજૂ કરેલા છે. અને એને લીધે એનું કંદ મોટું થયેલ છે. પણ ગ્રંથ સ્વરૂપે તો તે ઘણી નાની છે. આ મારી કાવ્યમીમાંસા કાવ્યવ્યુત્પત્તિને માટે મૂળભૂત રીતે જવાબદાર છે. એટલે જો કોઇ સાહિત્યનો રસિયો ભાવપૂર્વક મારી કાવ્યમીમાંસાનું અધ્યયન કરે તો તેને કવિત્વની પ્રાપ્તિ થાય છે.

લહરીકવિ રસિક પટેલે પોતાની 'वीराजना' અને 'अदभूतलहरी' ના આરંભિક શ્લોકોમાં આચાર્ય રાજશેખરનો બહુમાનપૂર્વક ઉલ્લેખ કર્યો અને નમ્રતાપૂર્વક એવું મંતવ્ય પ્રસ્તુત કર્યું છે કે મને સર્જકત્વ એટલે કે કવિત્વની ઉપલબ્ધિ આચાર્ય રાજશેખર પાસેથી થઇ છે.

## ❋ પંડિતરાજ જગન્નાથ :

પંડિતરાજ જગન્નાથ સંસ્કૃત સાહિત્યકારોમાં છેલ્લો ઝળકતો સિતારો છે. જેણે વિપુલ સાહિત્ય સર્જન કરેલ છે. પંડિતરાજ જગન્નાથે 5 લહરીઓનું સર્જન કરેલ છે. જે આ પ્રમાણે છે

**(1)** **पियूषलहरी :-** જેમાં ગંગાજીની સ્તુતિ 51 શ્લોકોમાં કરેલ છે. આજે પણ ગંગાજીના ભકતો આ સ્તોત્રનો પાઠ કરે છે.

**(2)** **करुणालहरी :-** જેમાં વિષ્ણુ ભગવાનની કરુણા 60 શ્લોકોમાં યાચવામાં આવેલી છે. 1 થી 19 શ્લોકોમાં બાલકૃષ્ણનું ચિત્રણ ગૌડી શૈલીમાં કરેલ છે. અને 20 થી 60 શ્લોકોમાં જગન્નાથે પોતાની ભકિતભાવનાને વાચા આપેલી છે.

**(3)** **लक्ष्मीलहरी :-** જેમાં 41 શ્લોકોમાં પંડિતરાજ જગન્નાથે 41 શ્લોકોમાં લક્ષ્મીજીની સ્તુતિ કરેલ છે.

**(4)** **सुधालहरी :-** જેમાં 29 શ્લોકોમાં સૂર્યનારાયણ ભગવાનની પ્રશસ્તિ કરેલ છે.

**(5)** **अमृतलहरी :-** જેમાં કેવળ 11 શ્લોકોમાં યમુનાજીની સ્તુતિ કરેલ છે.

રસિક પટેલે જે લહરીઓનું પ્રણયન કરેલું છે તેને માટે જગન્નાથ જ પ્રેરક રચયિતા છે અને એના ઋણનો સ્વીકાર पूर्णालहरी ના 56 માં શ્લોકમાં નિખાલસતાથી કરવામાં આવેલો છે.

પંડિતરાજ જગન્નાથે रसगंगाधर નામનો મનનીય આલંકારિક ગ્રંથ રચેલો છે. જે ध्वन्यालोक અને काव्यप्रकाश ની સાથે રાખવા જેવો છે. એ ત્રણેય ગ્રંથોને માટે એવું કહેવાય છે કે એ ગ્રંથો સંસ્કૃત અલંકારશાસ્ત્રની પ્રસ્થાનત્રયી છે.

રસગંગાધર ગ્રંથમાં જગન્નાથે પૌઢપાંજલ ભાષા શૈલીમાં આલંકારિક વિષયોની માંડણી કરેલ છે. અને સર્વત્ર પોતાના જ ઉદાહરણ ટાંકેલા છે. બીજા કોઇપણ કવિનો એક પણ શ્લોક ટાંકેલો નથી જે તેની અનન્યતા પ્રમાણિત કરે છે.

પંડિતરાજ જગન્નાથે अन्योक्तिविलास (प्रास्ताविकविलास), शृंगारविलास, शांतविलास અને करुणविलास એમ 4 વિલાસોની રચના કરેલી છે. અને આ ચાર વિલાસોને એણે સંયુકત રીતે भामिनीविलास ના નામે ઓળખાવેલ છે. આ भामिनीविलास નો છેલ્લો શ્લોક અધ્યયન કરતા વિદ્યાર્થીઓને માટે પ્રેરણાદાયી છે.

**"दुर्वृता: जारजन्मान:**

**हरिष्यन्तीति शंकया ।**

**मदीय पद्य रत्नानां**

**मग्जूषा इयं मया कृता ।"[17]**

<u>અર્થાત્</u>- ખરાબ આચરણ કરનારા અને વ્યભિચારીણીના પુત્રો મારા પદ્યરૂપી રત્નોની ચોરી કરી જાય એવી શંકાથી મેં આ ભામિનીવિલાસરૂપી થેલીની રચના કરી છે.

પંડિતરાજ જગન્નાથ ખૂબ જ રોમેન્ટિક વૃત્તિના હતા. તે જયારે દિલ્હીમાં શાહજહાંના આશ્રયે રહેતા હતા. ત્યારે લવંગિકા નામની એક યવની સુંદરીના મોહપાશમાં જકડાયા હતા અને શાહજહાંની કૃપાથી એ બંનેના લગ્ન થવા પામ્યા હતા. તે 16 મી સદીમાં એક બ્રાહ્મણપંડિતે એક યવનીના હાથનું ગ્રહણ કરેલું તે કેટલો મોટો ઐતિહાસિક બનાવ હતો. એ વિચારતા જ આપણે આશ્ચર્યચકિત થયા વિના રહેતા નથી.

## 2.10 સંસ્કૃત ભાષાનો અન્ય વિષયો ઉપર પ્રભાવ

સર વિલિયમ જોન્સે સાચી રીતે જ એવું જણાવ્યુ છે કે સંસ્કૃત ભાષા અંત્યધિક સમૃદ્ધ ભાષા છે. અને ગ્રીક અને લેટિન ભાષા કરતા પણ વધુ પરિષ્કૃત અને મહત્ત્વપૂર્ણ સંસ્કૃત ભાષા છે.

સંસ્કૃત ભાષા આખા જગતની પ્રાચીનતમ ઉપલબ્ધ ભાષા છે. અને આપણું સૌભાગ્ય છે કે એનો પ્રાચીન વારસો આપણા ભારતમાં ઋગ્વેદના સ્વરૂપમાં સચવાયેલો છે. સંસ્કૃત ભાષાના મુખ્ય બે પ્રકારો છે. (1) વૈદિક ભાષા (2) પ્રશિષ્ટ સંસ્કૃત ભાષા. આ બંનેનું સાહિત્ય ઘણું સમૃદ્ધ, વ્યાપક અને ઉપાદેય છે. પ્રશિષ્ટ સંસ્કૃત ભાષામાંથી અર્વાચીન, ભારતીય, આર્ય ભાષાઓ પ્રભાવેલી છે. એ દષ્ટિએ એનું ભાષાશાસ્ત્રીય મહત્ત્વ સવિશેષ છે.

જે કોઇ અધ્યેતા જર્મન, રશિયન, અંગ્રેજી જેવી આધુનિક ભાષાઓનો ઐતિહાસિક વિકાસક્રમ સમજવા માંગતી હોય તેવી વ્યકિતઓનાં માટે સંસ્કૃત ભાષા આધારસ્તંભરૂપ છે. કારણ કે ભાષાવિજ્ઞાનના સામાન્ય નિયમોની તારવણી સંસ્કૃતને કેન્દ્રમાં રાખીને જ કરવામાં આવેલી છે.

એક વિશેષ વિધાનનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે કરવો જોઇએ કે સંસ્કૃત એ તો એક માધ્યમ છે. એના અતિ વિસ્તૃત કાર્યક્ષેત્રમાં ઘણાં શાસ્ત્રો, વિદ્યાઓ અને કલાઓનો સ્વતઃ એવમ્ અંતરભાવ થઇ જાય છે. જેમ કે અવકાશ વિદ્યા, કૃષિવિદ્યા, ગણિતશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, સમુદ્રશાસ્ત્ર, જ્ઞાનશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન વગેરે.

સંસ્કૃત ભાષા હકીકતમાં સંસ્કૃત ભાષા છે. જે આપણી સમક્ષ આચાર-વિચારની યોગ્ય પરીપાટી પ્રસ્તૃત કરે છે. જેની દોરવણી હેઠળ કોઇપણ વ્યકિત પોતાની જીવનયાત્રા સારી રીતે વ્યતિત કરે છે. ભાષા એ ખરેખર એક અદ્ભુત વસ્તુ છે. જે જયોતિરૂપ છે. એ પોતે તો પ્રકાશિત છે જ એટલુ જ નહીં પણ બીજાઓને પણ આંજી નાખે એવો એનો પ્રકાશ અને પ્રતાપ છે. અને એમાં નિઃશંકપણે સંસ્કૃત ભાષા જ ફળીભૂત થઇ શકે છે.

## 2.11 સંસ્કૃતમાં નારી ગૌરવ

કોઇક કવિએ સાચી રીતે જ એવો અભિપ્રાય વ્યકત કર્યો છે કે 'नारी तु नारायणी अस्ति ।' ગુજરાતી કવિ બોટાદકરે લખ્યું છે કે 'જનની ની જોડ સખી નહીં જડે રે લોલ' કોઇ બીજા કવિઓ એવો સૂર કાઢયો છે કે 'જે કર ઝુલાવે પારણું, જગ પર તે શાસન કરે' અન્ય એક કવિએ પણ એક આવુ જ મંતવ્ય પ્રસ્તુત કર્યુ છે કે 'મોડી મોડી ખબર પડી બા તુ જ છો જયોર્તિધામ' રસિક પટેલે પણ मातृलहरी માં કેવળ પોતાની માતા મણીદેવીનું મનોહર ચિત્ર ઉપસાવ્યું નથી પણ વાસ્તવમાં સમગ્ર વિશ્વની માતાઓનું ચિત્ર ઉપસવવાનો પ્રયાસ કરેલો છે.

मनुस्मृति માં મનુભગવાને કહ્યું છે કે જયાં નારીઓ પૂજાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. મનુભગવાને જ मनुस्मृति માં એવું પણ લખ્યું છે કે ગુરુ કરતા ઉપાધ્યાય ચડી જાય છે, ઉપાધ્યાય કરતા આચાર્ય ચડી જાય છે અને આચાર્ય કરતા માતા હજાર ઘણી ચડી જાય છે.

આધુનિક ગૌર્જર કવિઓમાં રસિક પટેલે નારી ગૌરવને કેન્દ્રમાં રાખીને मातृलहरी, मणीदेवीशतकम्, लतादेवी पियूषलहरी, गीरादेवी सुधालहरी, सोनियादेवी सुवर्णलहरी, शांतिदेवीलहरी, मरालालहरी, कानिनीकालहरी વગેરે ઘણી લહરીઓનું પ્રણયન કરેલું છે.

કોઇ મોટા પુરુષને એવો વેધક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે તમારી સફળતાનું રહસ્ય શું ? તો તેણે એક જ શબ્દમાં ઉત્તર વાળ્યો કે સ્ત્રી. મને મારી માતા પાસેથી અને પત્ની પાસેથી પર્યાપ્ત પ્રેરણા મળી છે. જેને લીધુ હું પ્રગતિનાં સોપાનો સર કરી ચૂકયો છે. કોઇપણ વ્યકિતમાં કે વસ્તુના સંદર્ભમાં એકદમ ઉતાવળિયો અભિપ્રાય ઉચ્ચારવો ન જોઇએ. કોઇપણ વસ્તુ કે વ્યકિતને આપણે બે આંખે જોઇને એના વિષયમાં એક જ ચોક્કસ શબ્દ ઉચ્ચારવો જોઇએ. નારીનાં સંદર્ભમાં ‘હેય’ શબ્દ ઉચ્ચારીને આપણે આપણી હલકટવૃત્તિ પ્રદર્શિત ન કરવી જોઇએ. જેણે આપણને જન્મ આપ્યો અને ગૌરવભેર આપણું સંવર્ધન કર્યું. તે નારી એવી માતાને આપણે ગૌરવયુકત વાણી દ્વારા કેમ સત્કાર્યે ?

અંતે નારી ગૌરવ સંદર્ભમાં કહેવાયું છે કે જો તમે ધારો તો આકાશના તારાઓની ગણના કરી શકો, બધા સમુદ્રોનું પાણી માપી શકો, જે કરવું હોય તે બધું કરી શકો પણ નારીના ગુણોનું કથન કરવું કયારેય પણ શકય નથી.

## 2.12 દક્ષિણ ગુજરાતનું સંસ્કૃતક્ષેત્રે પ્રદાન :

દક્ષિણ ગુજરાત એટલે ભરૂચ, જંબુસર, રાજપીપળાથી માંડીને વાપી, દમણ સુધીનો પ્રદેશ. આ પ્રદેશની દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને હજુ 37 વર્ષ પૂરાં થયાં હોવાથી તથા યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ સંસ્કૃત વિભાગની સ્થાપના થઇ ન હોવાથી સંસ્કૃત વિષયના સંશોધનને ઓછો અવકાશ રહ્યો છે. છતાં યુનિવર્સિટીની સ્થાપના પૂર્વે પણ આ વિસ્તારની કૉલેજોના અધ્યાપકોએ સંશોધનકાર્યો કરેલાં હતાં. તથા સંશોધન-ઉપાધિઓ પ્રાપ્ત કરેલી. જોકે સંશોધન પ્રવૃત્તિ માટે સમૃદ્ધ ગ્રંથાલયની આવશ્યકતા રહે છે. યુનિવર્સિટીના ગ્રંથાલયની ઊણપ એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતનું ગ્રંથાલય દૂર કરવાનો યથાશકય પ્રયત્ન કરે છે, એ આનંદની વાત છે. સાથે સાથે આ પ્રવૃત્તિને ઉત્સાહ પૂરો પાડનાર ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન સુરતનો ઉલ્લેખ અવશ્ય કરવો જોઇએ. વિવિધ માનવવિદ્યાઓ અને સમાજવિદ્યાઓમાં સંશોધન પ્રવૃત્તિને

વેગ આપવો તથા ગ્રંથોનું પ્રકાશન કરવું એ આ સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ છે. દર વર્ષે સંશોધન લેખોનું બુલેટિન પણ બહાર પાડે છે. અત્યાર સુધીમાં આ સંસ્થાએ અનેક સંશોધન ગ્રંથોનું પ્રકાશન કર્યું છે. કેટલાકને પરિતોષિકો પણ પ્રાપ્ત થયાં છે; જેમ કે ડૉ. અરવિંદ જોષીના मांडूक्योपनिषद અને ગોડપાદના गौडपाडकारिका ગ્રંથને 1979 ગુજરાતમાં સાહિત્ય અકાદમીનું તત્ત્વજ્ઞાન વિભાગમાં પ્રથમ પારિતોષિક મળ્યું છે.

દક્ષિણ ગુજરાતના સંશોધક વિદ્વાનોના નામોમાં પ્રથમ નામ લઇ શકાય શ્રી કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, જેમણે મુંબઇ યુનિવર્સિટીમાં કેટલાંક ગ્રંથોનું શાસ્ત્રીય સંપાદન કરેલું છે. (શ્રી શાંકરભાષ્યાનુવાદ ઉલ્લેખનીય છે.) એમ. ટી.બી. આર્ટ્સ કૉલેજના નિવૃત્ત આચાર્ય સ્વ. જીવનલાલ ટી. પરીખે વિદૂષક પરના એમના ગ્રંથો ઉપરાંત ઇન્દ્રધ્વજમહોત્સવ વિશે સૂક્ષ્મ સંશોધન શરૂ કર્યું હતું, પરંતુ નાદુરસ્ત તબિયતને કારણે એઓ કાર્ય પૂર્ણ કરી શકયા નહિ. આ જ કૉલેજના સ્વ. ડૉ. રજનીકાંત અસ્તિએ મહાકાવ્યો પર સંશોધન પ્રબંધ લખ્યો હતો. નવસારીની એસ.બી. ગાર્ડા કૉલેજના સ્વ. ડૉ. ચંદ્રાત્રેએ પ્રમુખ ભાષ્યકારોની વાદપદ્ધતિ પર સંશોધન પ્રબંધ લખ્યો હતો, તથા સ્વ. ડૉ. ધીરૂભાઇ પી. પટેલે ઉદયસુંદરીકથાનું અધ્યયન કરી પીએચ.ડી. ની ઉપાધિ મેળવી હતી.

સુરતની એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજના નિવૃત્ત અધ્યક્ષ ડૉ. એ.ડી. શાસ્ત્રીએ **પ્રા. ગોવિન્દલાલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ** પુરુષોત્તમજીના ગ્રંથો વિશે સંશોધનપ્રબંધ લખ્યો હતો. આ ઉપરાંત તેમણે निरुक्त, गौडपादकारिका, सांख्यकारिका, काव्यमीमांसा, ऋग्वेदमंडल-7 વગેરે અનેકવિધ વિષયો પર ગ્રંથો અને લેખો લખ્યા છે.

**ડૉ. એ.ડી. શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. ની ઉપાધિ મેળવનાર છે :-**

**1.** મઢીના ડૉ. મૂળશંકર એમ. પંડ્યા- ‘આયુર્વેદની દાર્શનિક વિચારધારા’. **2.** દમણ કૉલેજના ડૉ. ભાસ્કર સી. પાઠક-‘ભગવદ્ગીતા પર પ્રમુખ ટીકાકરોના મતોનું તુલનાત્મક અધ્યયન’. **3.** એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતના ડૉ. વસંત સી. પટેલ-‘સંસ્કૃત સાહિત્ય નવલકથા-એક અધ્યયન (1974)’. **4.** વડોદરાના સંસ્કૃત મહાવિદ્યાલયના ડૉ.જયનારાયણ રામચંદ્ર પાઠક-‘શિવમહાપુરાણ-એક અધ્યયન’-(1973) **5.** સુરતના ડૉ. રાજેન્દ્ર આઇ. નાણાવટી-‘મહાભારત અને રામાયણની અવાન્તર કથાઓ-એક અધ્યયન’-(1973). આ શોધપ્રબંધ પ્રકાશિત થયો છે-(1984 માં) **6.** એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ અરવિંદ હ. જોષી-‘ગૌડપાદકારિકા-

એક અધ્યયન' (1980) આ શોધપ્રબંધ 1984 માં પ્રકાશિત થયો છે. **7.** વલસાડનાં ડૉ. પુનિતા એન. દેસાઇ-'શુદ્ધાદ્વૈત સિદ્ધાંત અનુસાર ભગવદ્ગીતા પરની અમૃતતરંગિણી-એક અધ્યયન' (1981). **8.** અમરોલી કોલેજ (જી. સુરત) નાં શ્રીમતી રમાબેન એચ. પટેલ-'પ્રમુખ સંસ્કૃત નાટકમાં રાજનીતિ વિષયક સિદ્ધાંતો (1989)'. **9.** ડૉ. શ્યામાબેન બી. ગાંધી-ષોડ્શગ્રંથો-એક અધ્યયન' (1991-92). **ડૉ. એ.ડી. શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ એમ.ફિલ. ની ઉપાધિ પ્રાપ્ત કરનાર છે.** **1.** હંસા જે. પરિવાવાળા- 'મમ્મટનો શબ્દશક્તિ વિચાર' (1978). **2.** નીના સી. ભાવનગરી-'ગજેન્દ્ર પંડ્યાનાં સંસ્કૃત નાટકો-એક અધ્યયન'(1979). **3.** દિપીકા ડી. દેસાઇ-'શાંકરભાષ્યમાં શંકરાચાર્યે કરેલું સાંખ્યનું ખંડન'. (શાં.ભાષ્ય 2-2) (1980 માં). **4.** શ્રી રમેશ ચિન્તામણિ ભટ્ટ-'શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ પરની સુબોધિની ટીકા-એક અધ્યયન'-(1980) **5.** શ્રીમતી દેવયાની જે. ટેકરાવાલા- 'હરિસંભવ-એક અધ્યયન'-(1989-90). **6.** સંધ્યા જે. શેલત-'બાણકૃત પાર્વતીપરિણય-એક અધ્યયન' (1991).

**એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતના ડૉ. અરવિંદ હ. જોષીના માર્ગદર્શન હેઠળ** 1991 માં શીલા જે. ઠાકોરે-'શ્રી સત્યસાંઇનાથચરિત્રમ્-(પ્રથમો ગુચ્છક)-એક અધ્યયન' વિષય પર એમ.ફિલ. ની ઉપાધિ મેળવી છે.

ડૉ. રાજેન્દ્ર આઇ. નાણાવટીએ દક્ષિણ ગુજરાતમાં જ મોટે ભાગે રહીને (હાલ વડોદરા) અધ્યયન-અધ્યાપન કર્યું છે અને એમણે અલંકારશાસ્ત્ર, નાટકો, કાવ્યો વગેરે વિવિધ વિષયો પર અનેક સંશોધનલેખો તથા ગ્રંથો લખ્યા છે, જે ઉલ્લેખનીય છે. રીતીવિચાર અને વક્રોક્તિવિચાર ખાસ ઉલ્લેખનીય છે.

ભરૂચના ડૉ. પી.ટી. દવેએ 'વૈદિક સાહિત્યમાં પિતૃપૂજા' પર મહાનિબંધ લખી પીએચ.ડી. ની ઉપાધિ મેળવી હતી અને **ડૉ. પી.ટી. દવેના માર્ગદર્શન હેઠળ** જયદેવી જે જોસેફ.-'શંકરાચાર્યે શારીરિક ભાષ્યમાં કરેલ ન્યાય-વૈશેષિકના પરમાણુકારણવાદનું ખંડન' વિષય પર એમ.ફિલ. ની ઉપાધિ 1989 માં મેળવી છે. **એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત ડૉ. વસંત સી. પટેલના માર્ગદર્શન હેઠળ એમ.ફિલ. ની ઉપાધિ મેળવનાર છે. 1.** ચીખલી કૉલેજના નયના એન. સોની- 'આર્ય ક્ષેમીશ્વરકૃત ચંડકૌશિક-એક અધ્યયન' (1989). **2.** ધરમપુર કૉલેજના પ્રા. હરકણિયા વી.ડી. -

'શ્રી રૂપગોસ્વામીકૃત વિદગ્ધમાધવમ્-એક અધ્યયન' (1991). **3.** વલસાડ કૉલેજના પ્રા. જોષી સી.સી.-'શ્રી રસિકવિહારી જોષી કૃત કરુણા કટાક્ષલહરી-એક અધ્યયન'.

**આ ઉપરાંત નીચેના વિદ્યાર્થીઓએ પીએચ.ડી. ની ઉપાધિ પ્રાપ્ત કરી છે.**

**1.** ઇન્દિરા જે. જોષી- 'વિરાટપર્વ-એક અધ્યયન' **2.** શ્રી નાથુભાઇ એલ. પટેલ-'સંસ્કૃત પંચમહાકાવ્યોમાં પ્રાકૃતિક સ્થળો અને વનસમૃદ્ધિ-એક અધ્યયન' **3.** પ્રા. જતીન પી. પંડ્યા-'Pedagogy in the Mahabharata'.

નવસારીના એસ. બી. ગાર્ડા કૉલેજના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. આર.સી. શાહે **વડોદરાના શ્રી એસ. જી. કાંટાવાળાના માર્ગદર્શન હેઠળ** 'લિંગપુરાણ-એક અધ્યયન' કરી તથા ડૉ. નરેશ ભટ્ટે 'શ્રી વરાહપુરાણ-એક અધ્યયન' પર તથા ડૉ. આર. કે. પટેલ 'યાજ્ઞવલ્કયસ્મૃતિ-એક અધ્યયન' પર પીએચ.ડી. ની ઉપાધિ મેળવી છે અને **ડૉ. આર. કે. પટેલના માર્ગદર્શન હેઠળ** શ્રી કાન્તિલાલ એમ. પટેલે-'પંડિત ઓગેટ પરીક્ષિત શર્માવિરચિત પરીક્ષિન્નાટકચક્રગત પૌરાણિક નાટયોનો સમીક્ષાત્મક અભ્યાસ'-વિષય પર એમ. ફિલ. ની પદવી મેળવી છે.

**ભરૂચના ડૉ. એ. કે. શાસ્ત્રીએ ડૉ. એમ. એમ. કંસારાના માર્ગદર્શન હેઠળ** 'મહાકવિ પંડિત અમરચંદ્ર-એક અધ્યયન' પર પીએચ.ડી. ની ઉપાધિ મેળવી છે અને **ડૉ. એ.કે. શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ** પારેખ કલ્પના કે. એ 'કાલિદાસના નાટકોમાં પૌરાણિક ઉલ્લેખો' વિષય પર એમ. ફિલ. ની પદવી મેળવી છે.

**વલાસડનાં ડૉ. પુનિતા એન. દેસાઇના માર્ગદર્શન હેઠળ** હંસા રાઠોડે (પરમારે)-બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય 2-1 નું અધ્યયન વિષય પર એમ. ફિલ. ની પદવી મેળવી છે.

વ્યારાના અધ્યાપન કાર્ય દરમ્યાન (હાલ વિદ્યાનગરના) ડૉ. કે. આર. દવેએ 'ઉપનિષદોમાં ઉપમા' વિષય પર તથા સુરતના અધ્યાપનકાર્ય દરમિયાન (હાલ વિદ્યાનગરના) ડૉ. અજિત આઇ. ઠાકોરે 'અલંકારસર્વસ્વ-એક અધ્યયન' વિષય પર **ડૉ. ચિત્રાબેન શુકલના માર્ગદર્શન હેઠળ** પીએચ.ડી. ની ઉપાધિ મેળવી હતી.

આ ઉપરાંત ચીખલી આર્ટ્સ કૉલેજના ભૂતપૂર્વ પ્રો. જતીન પંડ્યાએ એમ.એડ્. નો અભ્યાસ કરતી વખતે 'સંસ્કૃત શિક્ષણ અંગે ગુજરાત સરકારની નીતિ અને તેની અસરો' પર લઘુ નિબંધ 1987 માં લખ્યો હતો, જે ગુજરાત સરકારની આર્થિક સહાયથી 1987 માં પ્રકાશિત થયો છે.

દક્ષિણ ગુજરાતમાં સંસ્કૃત સંશોધન પ્રવૃત્તિની જેમ સંસ્કૃત લેખન પ્રવૃત્તિ પણ પહેલેથી જ થતી રહી છે, નીચે મુજબ દષ્ટિગોચર થાય છે.

**1. દુર્ગાચાર્ય :** જંબુસરના વતની અને કાવી પ્રદેશમાં રહેતા દુર્ગચાર્ય ઉર્ફે દુર્ગસિંહે યાસ્કના નિરુક્ત ઉપર ટીકા લખી છે. બોલ્ડન લાઇબ્રેરી અનુસાર એમનો સમય ઇ.સ. 1987 છે. એઓ વાસિષ્ઠ વંશના કાપિસ્થલ શાખાના હતા.

**2.** મલેકગોપીના પૂર્વજ રામ રમમંત્રિન્‌ના વંશજે 14 મી સદીમાં દૂષિત સંસ્કૃતમાં તથા દૂષિત છંદમાં वंशानुचरितकाव्य લખ્યું છે, જે મલેક ગોપીના પૂર્વજોની સત્તા અને સમૃદ્ધિ દર્શાવે છે.

**3. યાજ્ઞિકનાથ દૈવજ્ઞ :** 15 મી સદીના ઉત્તરાર્ધમાં હરજીના પૌત્ર તથા બલભદ્રના પુત્ર યાજ્ઞિકનાથ દૈવજ્ઞે (જંબુસરની આસપાસ રહેતા) जातकचन्द्रिका ગ્રંથ લખ્યો છે, જે જ્યોતિષને લગતો છે. એમાં 312 શ્લોકો તથા 6 પ્રકરણો છે. છેલ્લે લેખક જંબુસર વિશે લખે કે – धराणिभूषणमार्यनिकेतनम् ।

**4. વિશ્રામ :** શક 1529 માં વિશ્રામે जातकपद्धति અને यन्त्रशिरोमणि એમ બે જયોતિષના ગ્રંથો લખ્યા છે.

**5. વિનયવિજયગણિ :** 17 મી સદીમાં સોલંકીના શાસન દરમિયાન આચાર્ય હેમચંદ્ર પર શ્રદ્ધા રાખનાર, જૈન ધર્મ સ્વીકારનાર, સુરતમાં રહેનાર વિનયવિજયગણિએ 36 ગ્રંથો સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતીમાં લખ્યા છે, જેઓ તપાગચ્છ સાથે સંબંધિત હતા. એમના સંસ્કૃત ગ્રંથો નીચે મુજબ છે : **(1)** आनन्दलेख – વિ.સં. 1694 **(2)** श्रीकल्पसूत्रसुबोधिका – વિ.સં. 1696 **(3)** श्रीविजयदेवसूरिविज्ञप्ति – વિ.સં. 1705. આ ગ્રંથ સંસ્કૃત તથા પ્રાકૃત મિશ્ર ભાષામાં છે. **(4)** लोकप्रकाश – વિ.સં. 1708 **(5)** हैमलधुप्रक्रिया – વિ.સં. 1710 **(6)** ज्ञानसुधारस – વિ.સં. 1723 **(7)** जिनसहस्रनामस्तोत्र – વિ.સં. 1731 **(8)** हैमप्रकाश – વિ.સં. 1737 **(9)** नयकणिका **(10)** इन्दुदूत **(11)** षट्त्रिशत् जल्पसंग्रह **(12)** अर्हन्नमस्कारस्तोत्र **(13)** श्री आदिजिनस्तवन. છેલ્લા પાંચ ગ્રંથોનો સમય પ્રાપ્ત થતો નથી, પરંતુ इन्दुदूत સારી સાહિત્યક કૃતિ છે.

**6. ભૂદેવ શુક્લ :** શ્રી પં.કે. ગોડે તથા પ્રો. પી.વી. કાણે અનુસાર ઇ.સ. 1550 થી 17 મી સદીના ગાળા દરમિયાન જંબુસરમાં થઇ ગયા. એમના પિતાનું નામ શુકદેવ, ગુરુનું નામ શ્રીકંઠ હતું. જેમણે એમને કાવ્ય પ્રકાશનું અધ્યયન કરાવ્યું હતું. એમના બીજા ગુરુ રામરામ હતા. પ્રેમલતા શર્મા અનુસાર શ્રીકંઠ એ રસકૌમુદીના લેખક તથા નવાનગરના જામ સાહેબ શત્રુશલ્યના આશ્રિત હતા, જેમનો સમય ઇ.સ. 1569-1608 છે.

ભૂદેવ શકલ હિન્દી કવિ કેશવ દાસનો પણ ઉલ્લેખ કરે છે. એમના ગ્રંથો નીચે મુજબ છે. **(1)** धर्मविजयनाटक-આ પાંચ અંકનું રૂપનાટય છે. **(2)** रसविलास-અલંકારશાસ્ત્રનો લઘુ ગ્રંથ છે. (પી.વી. કાણે અનુસાર આ ગ્રંથના સાત સ્તબક છે, ચાર નહિ.) **(3)** आत्मतत्त्वप्रदीप-ન્યાય દર્શનના 20 શ્લોકો ટીકા સાથે છે. **(4)** ईश्वरविलासदीपिका-આત્મતત્વપ્રદીપ પરની ટીકા છે. **(5)** रुक्मिणीविलास-રસવિલાસમાં આ ગ્રંથના શ્લોકો ઉદાહરણો તરીકે લીધા છે, પરંતુ ક્યા વિષયનો ગ્રંથ છે તે ખબર પડતી નથી. **(6)** रामचरित - આના શ્લોકો પણ રસવિલાસાં ઉદ્ધત કર્યા છે પરંતુ વિષય અજ્ઞાત છે. આ ઉપરાંત કેટલાંક શ્લોકો તથા मञ्जरीमकरन्द નામક અપૂર્ણ હસ્તપ્રત પણ પ્રાપ્ત થાય છે. मञ्जरीमकरन्द એ ચૂડામણિ ભટ્ટાચાર્યના ગ્રંથ न्यायसिद्धांतमञ्जरी પરની ટીકા છે. ઉપરના ગ્રંથો એમનું ન્યાય દર્શનનું સમૃદ્ધ જ્ઞાન દર્શાવે છે.

7. **પુરુષોતમજી :** વલ્લભાચાર્યની સાતમી પેઢીમાં સુરતના શુદ્ધાદ્વૈત સંપ્રદાયના જાણીતા વૈષ્ણવ લેખક તથા વિદ્ધાન પુરુષોત્તમજીના પિતા પીતાબંર, દાદા યદુપતિ, કાકા વ્રજરાય તથા ગુરુ કૃષ્ણતન્દ્ર હતા. એમનો જન્મ વિ.સં. 1724 છે. પુરૂષોત્તમે એમના બન્ને પુત્રો જીવનકાળ દરમિયાન ગુમાવ્યા હતા અને ઇ.સ. 1725 માં મુરલીધરના પુત્રને ગાદી પર (બાલકૃષ્ણના મંદિરની) બેસાડયા હતા. વિ.સં. 1610 ની तत्त्वदीपनिबंधनी એક હસ્તપ્રત મળી છે. જે એમની માલિકીની હતી. એમણે 9 લાખ શ્લોકો લખ્યા છે, જે માટે વાકય મળે છે - य: सर्व नवलक्षपद्यकमितं प्रौढप्रबन्धं व्यधात्। એઓ લેખવાલા પુરુષોત્તમજી અથવા વેદપરુ તરીકે ઓળખાતા હતા. એમના કુલ 67 ગ્રંથો છે. જેમાંના 27 વાદ ગ્રંથો છે, 6 સ્વતંત્ર છે, તથા 29 વલ્લભ તથા વિઠ્ઠલેશના ગ્રંથો પરની ટીકાઓ છે. બીજા ગ્રંથો અન્યની ટીકાઓ છે. એમના પ્રમુખ ગ્રંથો નીચે મુજબ છે. (1) प्रहस्तवाद - આ શૈવ સિદ્ધાંતની વિરૂદ્ધ ટીકા ત્રણ પ્રકરણોમાં લખેલી છે. (2) प्रस्थानरत्नाकर - અપૂર્ણ છે. પ્રમાણ પ્રકરણ અને પ્રમેય પ્રકરણનો પ્રાપ્ય ભાગ એમના બીજા પ્રકરણમાં ન મળવાનો અફસોસ પેદા કરે છે. (3) उत्सवप्रतान - અને (4) द्रव्यशुद्धि - ધર્મશાસ્ત્રના આ બંને ગ્રંથોમાં ધાર્મિક ઉત્સવો અને વૈષ્ણવ પ્રદાયવિષયક માહિતી આપી છે. (5) अणुभाष्यप्रकाश - વલ્લભાચાર્યના અણુભાષ્ય પરની ટીકા છે. (6) सुवर्णसूत्र - વિઠ્ઠલનાથના વિદ્વન્મંડાણ પર લખેલો છે. (7) आवरणमङ्ग - વલ્લભના તત્ત્વદીપાંધ પરની ટીકા છે. (8-9) दीपिका ઓ–माण्डूक्य અને नृसिंहोत्तरतापिनी - ઉપનિષદ પરની ટીકાઓ છે. (10-11) अर्थसंग्रह- કૈવલ્ય અને ब्रह्म - ઉપનિષદ પર લખેલ છે. (12) ભગવદ્ગીતા પરની अमृततरङ्गिणीनी - પ્રસ્તાવના છે.

એમના ગ્રંથો એઓ શુદ્ધાદ્વૈત સંપ્રદાયના પ્રખર વિદ્વાન હોવાની છાપ ઉપસાવે છે. એમના મતે શુદ્ધદ્વૈત એ તાદાત્મયનો જ સિદ્ધાંત છે – भेदसहिष्णुरभेद:। એઓ પરંપરાગત આચાર્ય હતા તથા ઇન્દ્રિયનિગ્રહ પર ભાર મૂકતા હતા.

**8. શિવદત્ત શુક્લ :** શ્રી મહાદેવ અને ગંગાના પુત્ર તથા ભાસ્કરરાયના ગુરુ શિવદત્ત શુક્લ સુરતમાં જ રહેતા અને સંસ્કૃત તથા પર્શિયનના વિદ્વાન હતા. નાગપન્થના સિદ્ધ યોગી દ્વારા એમનો પૂર્ણાભિષેક તથા મહાસામ્રાજ્યદીક્ષા થયા હતાં અને ત્યાર બાદ તેઓ પ્રકાશાનન્દનાથ તરીકે ઓળખાયા હતા. એમના ગ્રંથોની માહિતી મળતી નથી, પરંતુ એમની હસ્તપ્રતોનો સંગ્રહ ચૂનીલાલ, ગાંધી વિદ્યાભવન, સુરતમાં છે.

**9. હરિ કવિ :** શિવાજીના પુત્ર શંભાજીના આશ્રિત કવિ હતા. તેઓ મહારાષ્ટ્રના હતા, પરંતુ લાંબા સમય સુધી સુરતમાં રહ્યાં હતા. शम्भुराजचरित्र, हैदयेन्द्रचरित्र અને सूक्तितरङ्गिगणी એમના ગ્રંથો છે. सूक्तितरंगिणीની હસ્તપ્રત પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરામાં સચવાઇ છે, જેમાં એમનો સમય આપ્યો છે વિ.સં. 1723.

**10. શિવ કવિ :** એઓ સુરત નજીક રાંદેરના રહીશ હતા. એમનું નાટક विवेक चन्द्रोदयनाटक હોશિયારપુરથી પ્રકટ થયું છે. જેનો વિ.સં. 1763 છે. એમણે रामचरित નામનું લઘુકાવ્ય પણ લખ્યું છે. જે પણ પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરામાં સચવાઇ રહ્યું છે.

**11. ભટ્ટ દેવશંકર :** સુરત નજીક રાંદેર તથા ઓલપાડના રહીશ હતા. એમનો સમય છે 18 મી સદીનો ઉત્તરાર્ધ. એમના ગ્રંથ अलंकारमंजूषा માં પેશ્વા રઘુનાથરાવ, માધવરાવ તથા નારાયણરાવની પ્રશંસા કરતા ઘણા શ્લોકો છે.

**12.** સુરતના વૈષ્ણ મંદિરની ગાંદી પર આરૂઢ 1850 ના પુરુષોત્તમે (જે સારા વકતા પણ હતા) ટીકાઓ લખી- सौन्दर्यपद्यटीका, विवेकधैर्याश्रयटीका, संन्यासनिर्णयटीका અને शृङ्गाररसमग्डनटीका।

**13. દિનમણિશંકર શાસ્ત્રી :** ઇ.સ. 1807 માં જન્મેલા દિનમણિશંકર શાસ્ત્રી વેદાંત ન્યાય, વ્યાકરણ અને બીજા શાસ્ત્રોના વિદ્વાન તથા પંડિત હતા. તેઓ હિન્દુ કાયદાના પ્રમાણભૂત વિદ્વાન ગણાતા હતા. ડૉ. બૂહલરે એમની હસ્તપ્રતોના સંગ્રહની મુલાકાત લીધી હતી અને શાંખાયન બ્રાહ્મણની આવૃત્તિ માટે એમાની એક હસ્તપ્રતનો ઉપયોગ પણ કર્યો હતો. એમની હસ્તપ્રત હાલ ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતમાં સુરક્ષિત છે.

**14.** ગણેશભટ્ટ તથા રમાબાઇના પુત્ર સંત વાસુદેવાનન્દ સરસ્વતી રત્નાગીરી જિલ્લાના માણગાંવમાં જન્મયા હતા. તેઓ દત્તગુરૂના અનુયાયી હતા. એમણે गुरुसंहिता, दत्तपुराण જેવા અનેક ગ્રંથો તથા અમુક સ્તોત્રો લખ્યા હતા.

**15. પ્રો. કે. પી. ત્રિવેદી :** (1857) સુરતના રહીશ હતા. એમણે एकावली, षड्भाषाचन्द्रिका, प्रतापरुद्रीय અને બીજા પાઠ્યપુસ્તકોનું પણ સંપાદન કરેલું છે.

**16. પં. એસ. ડી. સાતવળેકર :** એમણે વલસાડ નજીક કિલ્લા-પારડીમાં સ્વાધ્યાય મંડળની સ્થાપના કરી છે. એઓ ઋગ્વેદના પ્રખર પંડિત હતા તથા એમણે સંસ્કૃતના પ્રચાર તથા પ્રસાર માટે પ્રકાશનો દ્વારા સારું કાર્ય કર્યું છે. વૈદિક સાહિત્ય તથા યોગમાં એમનું વશિષ્ટ પ્રદાન હતું એમને ભારત સરકારે પદ્મવિભૂષણથી નવાજ્યા હતા.

**17. શ્રી નાનુભાઈ શાસ્ત્રી :** નવસારી નજીક વેસ્મા નામના ગામમાં 09-09-1990 માં જન્મ થયો હતો. મુંબઈમાં મમ્માદેવી સંસ્કૃત વૈદિક પાઠશાળામાં અભ્યાસ કર્યો હતો. એમણે સંસ્કૃતમાં श्रीसत्यसाईनाथचरिश्रम (आद्यषोडशी–लीलाविभाग–सहस्रपुष्पपूजा) प्रथमो गुच्छक : નામનું 18 સર્ગોમાં રચેલ મહાકાવ્ય લખ્યું છે. બીજો ગુચ્છ લખવાનો બાકી છે. આ મહાકાવ્યમાં તેમણે સત્યસાઈબાબાની બાળલીલા, કિશોરલીલાનું વર્ણન, પુટ્ટપર્તિનું વર્ણન, આંધ્રપ્રદેશનું વર્ણન તથા બાબાનાં માતા પિતા તેમજ શિક્ષકની વિગતો આપી છે. વૈદર્ભી શૈલીમાં રચેલા આ મહાકાવ્યમાં એમની કવિત્વશક્તિ તથા ભક્તિભાવ દ્દષ્ટિગોચર થાય છે.

**18. ગજેન્દ્ર લાલશંકર પંડ્યા :** પિતા લાલશંકર અને માતા રક્તાંબરાના પુત્ર, ગજેન્દ્રનો જન્મ તા. 18-08-1895 ના રોજ નડિયાદમાં થયો હતા. ગુજરાતીના વ્યાખ્યાતા, હાઈસ્કૂલના આચાર્ય, ડીરેક્ટર ઑફ પ્રાઇમરી ઍજ્યુકેશન તથા વનિતા વિશ્રામ ટ્રેનિંગ કૉલેજમાં સંનિષ્ઠ શિક્ષકની નોકરીમાંથી નિવૃત્ત થઇ જ્યોતિષનું કાર્ય કરેલું. લેખક ગજેન્દ્ર લાલશંકર પંડ્યાના સંસ્કૃત ગ્રંથો નીચે મુજબ છે :

(i) विषयपरिणयम् - 1932 માં પ્રકાશિત આ દુઃખાન્ત પંચાંકી નાટકમાં કજોડાં લગ્નની સામાજિક સમસ્યા આલેખી છે. (ii) પ્રાસંગિક પ્રહસનો : बुद्धिप्रभावम्, प्रचुरबुद्धिमत्ता, सुभगमातिथ्यम्, नियमनम्, कस्य दोषः, बेदोत्तमः, कस्तवम्, कः श्रेयान् જેવાં પ્રહસનોમાં સમાજની કે પાત્રની નિર્બળતાનું નિરૂપણ લાંચરુશ્વત, કાળાબજાર વગેરે અનિષ્ટો ઉપર પ્રહાર કર્યો છે. (iii) शाकुन्तलनृत्यनाटिका- અભિજ્ઞાનશાકુંતલના કથાનકને થોડાંક પરિવર્તનો સાથે નૃત્યનાટિકાનું સ્વરૂપ આપ્યું છે. આમાંના ઘણાં संविद् માં છપાયા છે. એમનું મૃત્યુ 01-04-1977 ના રોજ થયું હતું.

**19. જનશંકર મનુશંકર દવે :** એમનો જન્મ સુરતમાં તા. 26-02-1811 ના રોજ થયો હતા. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુરતમાં અને કૉલેજ શિક્ષણ મુંબઇમાં લીધું હતું. આઝાદીની લડત દરમિયાન બે વખત જેલમાં હતા અને આ નિવૃત્ત શિક્ષકનું 24-03-1990 ના રોજ નવસારી મુકામે મૃત્યુ થયું હતું. संविद માં નીચેના ત્રણ નાટકો પ્રગટ થયા છે :

(i) शङ्करविजयम्  -  આ નાટકના સાત અંકમાં આદ્ય શંકરાચાર્યના બાલ્યકાળથી એમના તત્ત્વજ્ઞાનના પ્રસ્થાપનની કથા તેમના દિગ્વિજય સુધી આલેખાયી છે. (ii) पूर्ण सप्तर्षिमण्डलम् – આ નાટકના સાત વિભાગો છે. એમા વસિષ્ઠ – વિશ્વામિત્રના સંઘર્ષની કથા વિશ્વામિત્ર – મેનકા પ્રસંગને કેન્દ્રમાં રાખીને વણાયેલી છે. (iii) એમનું ત્રીજું નાટક महावीरनिर्वाणम् – તે જૈન તીર્થ કરશ્રી મહાવીરના જીવનકાર્ય વિષેનું નાટક છે.

**20. આચાર્ય જે. ટી. પરીખ :** વૈષ્ણવ વણિક કુટુંબમાં હાલોલ (જિ. પંચમહાલ) માં 01-09-1914 ના રોજ જીવનલાલ ત્રિકમલાલ પરીખનો જન્મ થયો હતો. 1941 થી સુરત, એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા અને 1962 થી 1970 સુધી એમણે આચાર્ય તરીકે સેવા આપી હતી. હાઇસ્કૂલના ધોરણ – 8 થી 10 ના સંસ્કૃત અભ્યાસક્રમનાં પાઠ્યપુસ્તકો, સંસ્કૃતપ્રવેશિકાના ત્રણ ખંડોને ગુજરાતમાં 1950 થી 1970 ના સમયગાળામાં ઘણી વ્યાપક સ્વીકૃતિ મળેલી. એમનું મૃત્યુ 18 જાન્યુ, 1984 ના રોજ થયું હતું. વિદ્યાર્થી હતા ત્યારે જ એમણે छायाशकुन्तलम् ની રચના કરી હતી, જે કલાત્મક સર્જન તરીકે પ્રશંસા પામેલ છે. આ નાટિકા ઉપર ઉત્તરરામચરિતાના છાયાદશ્યનો પ્રભાવ પડેલો જણાય છે, પરંતુ શૈલી કાલિદાસના જેવી સરળ તથા પ્રસાદયુકત છે. અમદાવાદની ગુજરાત કૉલેજની શતાબ્દીનિમિત્તે પ્રકાશિત કવિતાઓનો સંગ્રહ संस्कृतकाव्यप्रतिमा માં એમની કૉલેજ કાળની સંસ્કૃત રચનાઓ પ્રગટ થઇ છે.

**21. ડૉ. એ.ડી. શાસ્ત્રી :** મૂળ ગણદેવીના પરંતુ સુરતને જ પોતાની કર્મ ભૂમિ બનાવવાર ડૉ. અરુણચંદ્ર ડી. શાસ્ત્રીએ 1953 થી 1992 સુધી એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરતમાં અધ્યાપક તથા પછી અધ્યક્ષ તરીકે અધ્યાપન કાર્ય કર્યું છે. એમનું 'हास्यशतकम्' साम्मनस्यम् માં પ્રકાશિત થયું છે. જે કટાક્ષપૂર્ણ પદ્યોનું શતક છે. આ ઉપરાંત એમણે વેદાંત ઉપર शुद्धाद्वैतमते ब्रह्मतत्त्वनिरूपणं પણ પ્રકાશિત કરેલ છે. ઉપરાંત અનેક લઘુ કાવ્યો પ્રકાશિત કર્યા છે, જેમાં હાસ્ય સાથે કટાક્ષ જોવા મળે છે.

**22. ડૉ. આર. કે. પટેલ :** આટ (તા. નવસારી) માં રસિકભાઇનો જન્મ 16-11-1944 ના રોજ થયો હતો. એમણે નવસારીમાં જ અભ્યાસ કરી નવસારીને કર્મ ભૂમિ બનાવી એસ. બી. ગાર્ડા કૉલેજમાં અધ્યાપક તરીકે સેવા આપી હતી. એમણે નવસારીને પખાળતી પૂર્ણાનદીની પ્રશસ્તિ 57 પદ્યોમાં पूर्णालहरी માં કરી છે. મોટે ભાગે શિખરિણી છંદમાં રચાયેલ આ કાવ્ય જગન્નાથની ગંગાલહીરીથી પ્રભાવિત લાગે છે. એમની ભાષા સરળ, પ્રવાહી તથા અર્થને સ્પષ્ટ કરે છે. આ ઉપરાંત એમણે નીચેની લહરી આલેખી છે, જે અપ્રકાશિત છે. (1) मातृलहरी–(मणिदेवीशतकम्) -111 શ્લોકો, (2) सौन्दर्यलहरी–(अरविन्द शतकम्)-115 શ્લોકો, (3) सारस्वतलहरी–(शेक्सपियरशतकम्)-123 શ્લોકો, (4) माधुर्यलहरी–(भारतप्रशस्ति)-131 શ્લોકો, (5) शान्तिदूतलहरी–(गोर्बचवशतकम्)-119 શ્લોકો, (6) सञ्जीवनीलहरी–(श्रीवीरबाईशतकम्) -105 શ્લોકો, (7) चैतन्यलहरी–(श्रीआशापुरीशतकम्)-109 શ્લોકો, (8) महाकाललहरी-111 શ્લોકો, (9) पानकरसलहरी-149 શ્લોકો, (10) कवितावनितालास-17 શ્લોકો.

એમેણે નીચે પ્રમાણે નાટકો (એકાંકીઓ) લખ્યાં છે, જે પ્રકાશિત છે :

(1) वरेण्यम् -1980 માં આકાશવાણી વડોદરા પરથી પ્રસારિત (2) पाथेयम् -1982 માં આકાશવાણી વડોદરા પરથી પ્રસારિત (3) पार्वतीपरिणम्। (4) रक्तदानम्। (5) प्रदूषणम्। (6) कोडपराधी ? (7) श्रीलाछीचरितम्।

**23. શ્રી બ્રહ્મલીનમુનિજી :** સુરતના કબીરપંથી સંત શ્રી બ્રહ્મલીનમુનિજએ 50 અધ્યાયોમાં લગભગ 3000 શ્લોકોમાં સંત કબીરના જીવન-કાર્યનું તથા કબીરપંથનાં વિકાસનું વર્ણન કરતું વિશાળ કાવ્ય सद्गुरुश्रीकबीरचरितम् લખ્યું છે. એમનું બીજું કાવ્ય श्रीसद्गुरुस्तुतिशतकम् પણ 103 શ્લોકોમાં કબીરજીની સ્તુતિનું સુંદર કાવ્ય છે. નિરુકત ઉપરની એમની નિરુકતવિવૃતિ ઉલ્લેખનીય છે.

**24. ભૂપેન્દ્ર દવે :** સુરતના વિવિધ ભાષાઓના જાણકાર સ્વ. શ્રી ભૂપેન્દ્ર દવેએ કવિકુલગુરુ કાલિદાસની ઉપમાને બિરદાવતું કાવ્ય उपमेशशतकम् લખ્યું છે.

**25. કૃષ્ણશંકર કેશવરામ જોષી :** (1885-1949) રાયકવાળ બ્રાહ્મણજ્ઞાતિમાં સુરતમાં જન્મ થયો હતો. અયોધ્યાની વિદ્યાસંવર્ધિની સંસ્થા તરફથી સંવત 1996 માં એમને કાવ્યધૂરીણ અને વિદ્યાલંકાર ની પદવી મળી હતી. જ્યોતિષ, કર્મકાંડ, મંત્ર-તંત્ર શાસ્ત્રનાં અને પુરાણને લગતાં આશરે 30 જેટલા પુસ્તકો લખ્યા છે. સંસ્કૃતમાં એમનો ગ્રંથ છે तापीपुराण.

**26. પં. ચંન્દ્રકાન્ત નર્મદાશંકર ત્રિવેદી :** (1909-1952) એમનો જન્મ સુરતમાં થયો હતો અને હરિદ્વાર કાંગડી ગુરુકુલમાં અભ્યાસ કર્યો હતો. યૌગિક વૈદમંત્રોનો યૌગિક અર્થ – વિષય પર નિબંધ લખી વેદવાચસ્પતિ બન્યા હતા. તેઓ સંસ્કૃત તથા હિંદીમાં ભાષણો આપતા તથા શ્રીનિધિ ના ઉપનામથી કાવ્યો લખતા. એમણે પોતાના જીવનનો મોટો ભાગ નવસારી પ્રાન્તના સુપા ગુરુકુલમાં આચાર્ય તરીકે વિતાવ્યો હતો. કાશીના પંડિતોએ એમને **વેદમનીષી** ની પદવી આપી હતી.

**27. છોટાલાલ ચંદ્રશંકર શાસ્ત્રી :** (1934-1897) સુરતમાં જન્મ થયો હતો અને સંસ્કૃતનું શિક્ષણ પિતા પાસેથી લીધું હતું. મુંબઇ ઈંગ્લિશ સ્કૂલમાં સંસ્કૃતના શિક્ષક થયા બાદ મુંબઇના ગુજરાતી પ્રેસમાં ત્રીસ વર્ષ સુધી સંસ્કૃત પુસ્તકોના અનુવાદક તરીકે નોકરી કરી હતી. તેઓ વેદાંતમાં નિષ્ણાંત હતા. આત્મપુરાણ, ઉપનિષદો અને શિવપુરાણનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. શ્રીમદ્ભગવદ્ગીતા અને શાંકરભાષ્ય પર ટીકા લખી છે. સંસ્કૃતના ઘણા ગ્રંથો પર ટિપ્પણ કર્યું છે. સામવેદનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે, જે પ્રકટ થઇ શક્યો નથી.

**28. આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી :** સંવત 1957 માં ગુરુ મહારાજ સાથે એઓ સુરત પધાર્યા હતા અને મુકતાવલિ આદિ ન્યાયકાવ્યોનો અભ્યાસ કર્યો હતો. એમણે સુરતમાં જ વડી દીક્ષા લીધી હતી. योगदीपक અને योगसमाधि નામક ગ્રંથ એમણે ગુજરાતી તથા સંસ્કૃતમાં લખેલો છે.

**29. સામવેદી શ્રી મૂળશંકર જયાનંદ શાસ્ત્રી :** (1873-1914) નંદબારમાં સામવેદનો અભ્યાસ કરી સુરત આવનાર મૂળશંકરે સુરત તથા ડાકોરમાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. એમની મૂળ અટક ઓઝા પરંતુ શાસ્ત્રી થયા પછી 'શાસ્ત્રી' અટક પડી અને અગ્નિહોત્ર લીધા પછી 'અગ્નિહોત્રી' પણ કહેવાય. એમની વિદ્વતાને સન્માની ધરમપુરના મહારાજાએ એમને વંશપરંપરાનું વર્ષાસન બાંધી આપ્યું હતું. એમણે સંસ્કૃત કાવ્યો, સાઠીના શ્લોકો, સાંગગ્રહશાંતિ, લગ્નવિધિ, વિવાહકૌમુદી આદી ગ્રંથો લખ્યા છે.

**30. શ્રી વલ્લભરાયજી :** હાલના સુરતના મોટા મંદિરના ગાદીપતિ શ્રી વલ્લભરાયજીએ વૈષ્ણવકાવ્યો, સ્તુતિકાવ્યો લખ્યાં છે. એમની અષ્ટપદી ખૂબ જ જાણીતી બની છે.

**31. શ્રી ઇશ્વરભાઇ ભટ્ટ :** મૂળ વલસાડના રહીશ અને ખતલવાડા અને બગવાડા હાઇસ્કૂલમાં આચાર્ય પદે રહેનાર સ્વ. ઇશ્વરભાઇ ભટ્ટે મહાભારતના કથાનક પર આધારિત विकर्ण નામની પદ્યનાટિકા 30-06-1996 માં રોજ પ્રકાશિત કરી છે. એઓ ગુજરાતી નાટિકાઓ પણ લખતા હતા. विकर्ण નું બીજું નામ છે अनुत्तराशा.

આ ઉપરાંત એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરતના ડૉ.વી.સી. પટેલે हायकुशतकम् લખ્યું છે. જેમાનાં 12 હાયકુ संविद માં પ્રકાશિત થયાં છે અને બાકીનાં અપ્રકાશિત છે. ઉપરાંત સંસ્કૃતમાં લેખો લખ્યા છે. तैलरामायणम् અપ્રકાશિત કટાક્ષિકા છે.

દક્ષિણ ગુજરાતમાં સંસ્કૃતના પ્રચાર અને પ્રસારણનું કાર્ય નીચેની સંસ્થાઓ વિશેષતઃ કરી રહી છે : (1) સ્વાધ્યાય-મંડળ, કિલ્લાપારડી, જિ. વલસાડ, (2) વિદ્યામૃતવર્ષિણી પાઠશાળા, વલસાડ, (3) સૂર્યપુર સંસ્કૃત પાઠશાળા, ઠે. આમલીરાન, સુરત, (4) ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન મુંબઇની સુરત શાખા, (5) નર્મદા સંસ્કૃત પાઠશાળા-ભરૂચ, (6) ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, અઠવા લાઇન્સ, સુરત.

દક્ષિણ ગુજરાતના સંસ્કૃતના વિદ્વાનો કાવ્યો, નાટકો, ગદ્ય વગેરે લખે છે. પરંતુ પ્રકાશનની સગવડના અભાવે સાહિત્ય પ્રકાશિત થતું નથી, એ ખેદની વાત છે. સંસ્કૃત લેખન પ્રવૃત્તિને વેગ આપવા પ્રકાશનની વ્યવસ્થાનું આયોજન થાય એ આજના સમયની તાતી આવશ્યકતા દેખાય છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધકે સંસ્કૃત ભાષાનું મહત્ત્વ, સંસ્કૃત શિક્ષણ અંગેની ઐતિહાસિક ભૂમિકા, સંસ્કૃત શિક્ષણ અને તત્ત્વજ્ઞાન, સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત ભાષામાં વ્યકત થતાં જીવન મૂલ્યો, સંસ્કૃત અને પર્યાવરણ જાળવણી, સંસ્કૃત ભાષાના મુખ્ય સારસ્વતો, સંસ્કૃત ભાષાનો અન્ય વિષયો ઉપર પ્રભાવ, સંસ્કૃતમાં નારીગૌરવ તથા દક્ષિણ ગુજરાતનું સંસ્કૃત ક્ષેત્રે પ્રદાન વગેરે સંસ્કૃત ભાષા વિષયક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓની વિસ્તૃતપણે ચર્ચા હાથ ધરવાનો ઉપક્રમ રાખ્યો હતો. હવે પછીના તૃતીય પ્રકરણમાં સંશોધકે હાથ ધરેલ સંશોધનના સંદર્ભમાં પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા નોંધવામાં આવનાર છે. જેમાં પ્રારંભિક તબક્કે ભારતમાં થયેલાં અને વિદેશમાં થયેલાં સંશોધનોની સમીક્ષા નોંધીને ત્યારબાદ પ્રસ્તુત સંશોધનની વિશિષ્ટતાઓ દર્શાવવાનો ઉપક્રમ રાખવામાં આવ્યો છે.

# સાહિત્ય નિર્દેશ


(1) Report of Sanskrit Commission, (1958). New Delhi : ***Ministry of Education and Scientific Research,*** Government of India. P.-72.

(2) Report of Sanskrit Commission, (1958). New Delhi : ***Ministry of Education and Scientific Research,*** Government of India. P.-73.

(3) રમણલાલ ધારૈયા, (1967). ***પ્રાચીન ભારતીય રાજ્યશાસ્ત્ર.*** બીજી આવૃત્તિ, અમદાવાદ : અનડા બુક ડેપો, ગુજરાત રાજ્ય. પૃ.2.

(4) International Sanskrit Conference, (1972). New Delhi : ***Souvenir,*** Governmernt of India. P.-9.

(5) Report of Sanskrit Commission, (1958). New Delhi : ***Ministry of Education and Scientific Research,*** Government of India. P.-74-75.

(6) T.C. Kolkat, (1973). ***New Radiant Redear's book,*** Bombay : Alied Publishers. P.-144.

(7) Report of Sanskrit Commission, (1958). New Delhi : ***Ministry of Education and Scientific Research,*** Government of India. P.-70.

(8) Summary of papers, Volume-3, International Sanskrit Conference, (1972). New Delhi : ***Ministry of Education and Social Welfare,*** Government of India. P.-22.

(9) International Sanskrit Conference, (1972). New Delhi : ***Souvenir,*** Government of India. P.-1-2.

(10) Report of Sanskrit Commission, (1958). New Delhi : ***Ministry of Education and Scientific Research,*** Government of India. P.-99.

(11) Report of Sanskrit Commission, (1958). New Delhi : ***Ministry of Education and Scientific Research,*** Government of India. P.-90.

(12) આર.કે. પટેલ, (2010). ***यक्षरसिकालहरी.*** અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, ગુજરાત રાજ્ય. પૃ.4.

(13) પી.સી. દવે અને એસ.જે. દવે, (1992). ***स्वप्नवासवदत्तम्.*** પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : સરસ્વતી પુસ્તક ભંડાર. પૃ.2.

(14) શાન્તિકુમાર પંડ્યા, (1994). ***हर्षचरितम्.*** પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, ગુજરાત રાજ્ય. પૃ.108. (ઉચ્છવાસ-1-2).

(15) ડી.એન.શેલડીઆ અને સી.વી. બાલઢા, (1991). ***रघुवंशम्.*** પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : સરસ્વતી પુસ્તક ભંડાર. પૃ.39. (સર્ગ-6-7).

(16) આર. એમ. શુક્લ, (1995). ***काव्यमीमांसा.*** પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, ગુજરાત રાજ્ય. પૃ.92. (પ્રથમ અધ્યાય).

(17) વિજય પંડ્યા, (2004). ***अनुनय.*** પ્રથમ આવૃત્તિ, અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન, ગુજરાત રાજ્ય. પૃ.132.